નિસ્યંદન

(ગુજરાતી કવિતાનું ઈ–સામયિક)

ઑક્ટોબર ૨૦૧૪

વર્ષ – ૩ અંક – ૪ સળંગ અંક – ૧૬



તંત્રી-સંપાદક

યોગેશ વૈદ્ય

પરામર્શક

જનક દવે   સાહિલ   શશિકાંત ભટ્ટ 'શૈશવ'   જિતુ પુરોહિત

*

આ અંકના ફોટો-કલાકાર : જેનેટ સ્ટોરર (Janet Storer)

*

પરિકલ્પના અને સજાવટ : યોગેશ વૈદ્ય

*

પ્રૂફરીડિંગ : જિતુ ત્રિવેદી

*

ટેકનિકલ સહયોગ : ગુંજા વૈદ્ય મંદાર દવે

*

o 'નિસ્યંદન' વિશે

o મૂલત: ગુજરાતી કવિતાને વરેલું 'નિસ્યંદન' અન્ય ભાષાની કવિતા તેમ જ અન્ય કળાઓને પણ સ્પર્શવા ધારે છે.

o લવાજમ – આપનો ઉમળકો અને આપની કાવ્યનિષ્ઠા

o નિસ્યંદન' આપના ઈ-મેઇલ આઇ.ડી. પર નિયમિત મેળવવા આટલું કરો : અમારી વેબસાઈટ http://yogish.co.in પર જઈ 'નિસ્યંદન' નામક વિભાગમાં સાઈડબારમાં મૂકેલ 'નામાંકન પત્ર'માં વિગત ભરી **submit** કરો.

અથવા

https://docs.google.com/spreadsheet/embeddedform?formkey=dHRQTnYzLVI4YWZmNHpXVF9VS3R4cnc6MQ

કડી પર **Ctrl+Click** કરો. ખૂલેલા ફોર્મમાં વિગત ભરી **submit** કરો.

o આપના સાહિત્યકાર મિત્રો તેમજ કાવ્યરસિક મિત્રોને 'નિસ્યંદન'ના નામાંકન માટે પ્રેરી 'નિસ્યંદન'ના પ્રસાર માટે મદદરૂપ થવા વિનંતી.

o 'નિસ્યંદન' માટે આવકાર્ય છે

o અપ્રગટ મૌલિક કાવ્યરચનાઓ તથા કાવ્યાનુવાદ / મીમાંસા. કૃતિ સાથે સાહિત્યકારે પોતાનો ફોટોગ્રાફ પણ જોડવો.

o *અપ્રગટ રચનાઓ જ મોકલશો . બ્લોગ / વેબસાઇટ પર મુકાયેલી પ્રગટ રચનાઓ મોકલવી નહીં .*

o આપની આસપાસ / સંસ્થામાં બનતી સાહિત્યિક ઘટનાઓના સમાચાર / લઘુવૃત્તાંત (ફોટોગ્રાફ તથા વીડિયો ક્લિપિંગ પણ મોકલી શકો.)

o આપના અંગત સંગ્રહમાંથી કાવ્યપઠનની ઑડિયો/વીડિયો ક્લિપિંગ.

o પુસ્તક-પરિચય માટે પુસ્તકની એક નકલ.

o *'નિસ્યંદન'માં પ્રગટ થતા વિચારોની જવાબદારી જે તે કવિ / લેખકની રહે છે.*

o કૃતિના સ્વીકાર / અસ્વીકારનો નિર્ણય એક માસમાં લઈ લેવાય છે.

o અમને મળવાનાં ઠામ-ઠેકાણાં :

o ટપાલ દ્વારા – યોગેશ વૈદ્ય, 'હૃદય કુંજ', યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, વેરાવળ - ૩૬૨ ૨૬૫ (ગુજરાત) ભારત.

o ઇ-મેઇલ દ્વારા - mryogi62@gmail.com

o વેબસાઈટ - http://yogish.co.in   o બ્લોગ - http://yogesh-vaidya.blogspot.com

o ફેઇસબુક પેઇજ - https://www.facebook.com/Nisyandan

અનુક્રમ

(પૃષ્ઠ નંબર પર ક્લિક કરો અને સીધા ઇચ્છિત પૃષ્ઠ પર પહોંચો, પૃષ્ઠના તળિયે મૂકેલ સંજ્ઞા પર ક્લિક કરી અનુક્રમ પર પરત આવો)



o અંધારાની આંગળી ઝાલી પગભર થઈએ

સહુને નવવર્ષની ખૂબ ખૂબ શુભકામના. નવા વર્ષમાં પ્રથમ વખત મળી રહ્યા છીએ ત્યારે કેટલાક નવા મનસૂબા ઘડાઈ રહ્યા છે તે વિષે આપ સાથે ચર્ચા કરવાની ઇચ્છા થાય છે...

આપણા વ્યવહારમાં અંગ્રેજી ભાષાની ઘૂસણખોરી એટલી બધી વધી ગઈ છે કે આપણી બોલચાલનાં ઘણા સાવ સામાન્ય ગુજરાતી શબ્દોનું સ્થાન પણ અંગ્રેજી શબ્દો લઈ બેઠા છે. આપણું શબ્દભંડોળ ચિંતા ઉપજાવે તે હદે સંકડાઈ રહ્યું છે. વાતચીત દરમ્યાન યોગ્ય અને સામાન્ય ગુજરાતી શબ્દ શોધવા પણ ફાંફાં મરતા સુજ્ઞ ગુજરાતીઓ હવે સામાન્ય થઈ પડ્યા છે. (કશો જ રંજ નથી તેનો.., ફક્ત અંગ્રેજી માધ્યમમાં ભણેલી ગુજરાતીઓની આ પેઢી સાથે આવું બનવું સ્વાભાવિક છે.) છટાદાર અંગ્રેજી બોલીને છાકો પાડી દેતા ગુજ્જુઓને ક્યારેક છટાદાર અને સાચું ગુજરાતી બોલવાની ઇચ્છા પણ થાય તો કેમ ? ના, આ સંકુચિત પ્રદેશવાદ, ભાષાવાદ નથી ; કે નથી અંગ્રેજી ભાષાનો ધરાર વિરોધ. પ્રવર્તમાન પરિસ્થિતિઓમાં આવું કરવું શક્ય પણ નથી. પણ મને શેખચલ્લી બની જવાની નાલેશી વ્હોરીને પણ એવી કલ્પના કરવાનું ગમે છે કે કોઈ જાહેર કાર્યક્રમમાં એક કોન્વેન્ટિયો છેલછબીલો ઊભો થઈને પાસાદાર અને પહેલી ધારનુ ગુજરાતી બોલે છે અને પહલી હરોળમાં બેઠેલી તેની માને બબ્બે ખુરશીનો પોરસ ચડે છે. સભાખંડમાં ઉપસ્થિત સહુ કોઈ તેને અને તેની માને અહોભાવથી જોઈ રહે છે.... છાકો તો આ રીતે પણ પડી શકે ! અન્ય લોકો પાસે નથી તે આપણી પાસે છે તે બતાવી દઈએ એને જ તો કહીએ છીએ –" છાકો પાડી દીધો". એકાદ વખત આવો પ્રયત્ન કરવા જેવો ખરો.

એક નુસ્ખો અજમાવવા જેવો લાગે છે. આપણે રોજ આપણા શબ્દકોષનું એક પાનું વાંચી શકીએ ? હવે તો શબ્દકોષ ઈન્ટરનેટ પર પણ ઉપલબ્ધ છે. રોજ દશ શબ્દો, પાંચ શબ્દો નવા શીખીએ. એમાંના એકાદ શબ્દને પણ આપણી રોજની બોલચાલની ભાષામાં વાપરવાનો પ્રયત્ન કરી શકીએ? હું વેવલી કે વેદિયાવેડાવાળી (પાંડિત્યપ્રચુર !) ભાષાની વાત કરતો નથી. પણ આપણને આપણી પોતાની લાગે, જેમાં ગુજરાતીપણાની સુગંધ હોય તેવી આપણી મા જેવી મીઠડી અને તેના સાડલાના પાલવ જેવી ભાતીગળ ગુજરાતી ભાષાની પુનઃ સ્થાપના કરવાનો એકાદ પ્રયત્ન કરી શકાય ? હા, જાણીએ છીએ કે અશ્વશાળામાંથી અશ્વો ભાગી છુટ્યા છે.. અને ઘણાં વ્હાણાં પણ વીતી ગયાં છે તે પછી તો..(જો કે સાથે સાથે એ પણ જાણીએ છીએ કે આજે પણ એવા અસંખ્ય ગુજરાતીઓ છે જ, જે ત્રણ-ત્રણ ચાર-ચાર ભાષાઓ પર પ્રભુત્વ ધરાવતા હોવા છતાં અને વ્યવસાયિક કામકાજમાં સતત અંગ્રેજી ભાષાનો જ ઉપયોગ કરતા રહેવા છતાં તેઓ જ્યારે ગુજરાતીમાં વાત કરે છે ત્યારે ફક્ત ગુજરાતીમાં જ વાત કરે છે. સલામ એવા સહુ વિરલાઓને.)

મને ગઝલકાર 'સાહિલ'નો એક શે'ર યાદ આવે છે : અંધારું થઈ અંધારે આથડવા કરતા, અંધારાની આંગળી ઝાલી પગભર થઈએ.

એક નાનકડો ઉપક્રમ આ નાનકડા સામયિક પરથી શરૂ થઈ રહ્યો છે. પરિસ્થિતિ બાબતે ફક્ત રોદણાં જ રોતાં રહેવા કરતાં, અહીંથી આગળના રસ્તા બાબતે વૈજ્ઞાનિક અભિગમ સાથે વિચારવાની જરૂરત છે. પાયાના પ્રશ્નોથી, પ્રાથમિક સમજથી જ શરૂ કરીને આ પ્રશ્નને, તેના મૂળને જાણી-સમજાવી શકતી અને કોઈ વ્યવહારુ અને બહુસ્વીકૃત ઉપાય સુધી(જો હોય તો !) પહોંચાડતી ચર્ચા માટેનો તખ્તો ગોઠવી આપવાની ઇચ્છા છે. આપણા સાહિત્યકાર અને અચ્છા ભાષાવિજ્ઞાની શ્રી બાબુ સુથાર સાથે એક લાંબો (ચારેક ખંડોમાં વિસ્તરતો) વર્તાલાપ આ અંકથી શરૂ કરી રહ્યા છીએ.આગળ જતાં ઉપાયની શોધમાં જરૂર પડે તો કોઈ વ્યવસ્થા-ગુરુ પાસે પણ પહોંચીશું.

આ નાનકડી પહેલને ખરા અર્થમાં પ્રાણવાન બનાવવા આપના વિચારો, સૂચનોની પણ ખેવના છે અમને.....

o યોગેશ વૈદ્ય

તારીખ: ૩૧ . ૧૦ . ૨૦૧૪

o કર્ણ - જીવનવ્રત



મને તો તારી આંખમાં
તરતી માછલી દેખાય છે, દ્રૌપદી,
એને અહીં જ વીંધી નાંખું ?
તારે શું નિયતિનો નિયમ બની રહેવું છે ?
યાજ્ઞસેની, મને તારું એવું રૂપ હંમેશાં
દેખાયું છે કે
તું વિધિને પડકારશે !
આપણે બન્ને તો એ માટે જ સર્જાયાં છીએ

મારા તીરની ધારે શો સંકલ્પ છે
એ તું જાણે છે...
મારી પ્રત્યંચાનો સનનનાટ
તેં સાંભળ્યો છે...
આવ, મારા ધનુષ્યને આલિંગીને ધન્ય બનાવ !


કેટલી આકરી કસોટીએ
જીવનસાથી પસંદ કરવા
વરમાળા બનીને તું આ ખડી છે !
એનો કોઈનેય ગર્વ થાય !
પણ આ કુળ-વંશની શરત...

માતા રાધાએ મને તારી વાર્તા
અધૂરી જ કહી
ને પછી
એ પૂરી કરવા એણે મને અહીં મોકલ્યો-

હવે તો આપણે માતા રાધાની યોજનામાં બંધાઈ ગયાં...
તને પામવાની મથામણમાં
હું આખું આયખું હવે ખેંચી કાઢીશ...

માત્ર એક દુર્યોધન સિવાય...
બધી મર્યાદાઓ લોપીને
સ્નેહ અને યુદ્ધને બાથમાં લઈને
સૂઝશે એવા ઉપાય કરીશ..
યાજ્ઞસેની
તું મારું જીવનવ્રત છે.

o હસમુખ બારાડી





o...તૈયારી તો કરી લઉં

રસ રાસ ને રસાલા અળગા કરી તો રાખું !
માલિક ! અબીલ ગુલાલા અળગા કરી તો રાખું !

તે બાદ આદરી દઉં બારીક સફર સબરની
મસ્તક અને રૂમાલા અળગા કરી તો રાખું !

ફિર ક્યા પતા કિ કાલી કમલી કા ચલે જાદૂ,
આ ખાલ ને દુશાલા અળગા કરી તો રાખું !

છે દેહ બંધ મુઠ્ઠી ખૂલે તો દેરડી છે
તેરા હી યહ કમાલા અળગા કરી તો રાખું !

પરમાણુંથીય ઝીણાં નીરખે ઝીણેરાં પગલાં
ચખ, સાહિબેવહાલા ! અળગા કરી તો રાખું !

તૈયારી તો કરી લઉં દરસનની, સૂરદાસા !
જડ આંખના ઉજાલા અળગા કરી તો રાખું !

o લલિત ત્રિવેદી



o વાઘનો શિકાર

બજારમાંથી ખરીદેલા બકરાને
ખભે લાદી હું નીકળી પડેલો
ત્યાંતો ખાખી ગણવેશ, ખાખી ટોપીવાળા અધિકારીએ
જંગલ વચ્ચોવચ્ચ આંતર્યો
કહે : જનાબ, આ વાઘ ઊંચકીને ક્યાં ચાલ્યા ?
આ તો ખાતાનો ગુનો કહેવાય
હેઠે મૂકો અને ચાલતી પકડો નહીં તો થાણે તાબામાં લઉં
હું મનોમન બબડ્યો, વરુ કહ્યું હોત તો
જૂની વાર્તાનો હવાલો આપી પટાવી દેત
પણ આવડો તો સીધો વાઘસવારી પર છે
પછી કરગરવું પડ્યું :
સાહેબ, તમને ગેરસમજ થઈ છે
આ વાઘ હોત તો
તમને દેખાયો તે અગાઉ મને ફાડી ન નાખ્યો હોત ?
એ તમારી સામેય જુએ છે ?
બકરાની તો માફી આપી જવા દો…
સાહેબની આંખોમાં રાતાં ટશિયા ફૂટવા લાગ્યા
અને ડોળા બહારની તરફ લચી પડ્યા
ફરમાન આવ્યું :
કહો છો તો સાબિત કરો આ વાઘ નથી
પછીની ગાળ એકસોવીસ કલકત્તાની પિચકારીમાં વહી ગઈ
મેં કાકલૂદી કરી :
જુઓ ને સાહેબ, આ ધોળુંધફ્ફ બકરું છે
બેં…બેં પણ કરે જ છે
કેવું સંકોચાઈને વળગ્યું છે
દેખાડો, છે એના શરીર પર ક્યાંય કાળા પટ્ટા ?
સાહેબની રાતી જીભ લપકવા લાગી
ઉઘાડા જડબામાંથી કાળાપીળા દાંત
તણખા ઝરવા લાગ્યા
આખો ચહેરો ખૂંખારતી આગ ઓકતો
ઘૂરકવા લાગ્યો
મારા પહેલાં તો
ખભે ચડેલું બકરું ધ્રૂજવા લાગ્યું
સાહેબની ત્રાડ આવી :
બોલો, આ વાઘ છે કે બીજું કાંઈ ?
ભરાવદાર પંજાની તરાપ
અડધી મારી અડધી બકરીની ગરદન ફરતે…
હું બકરું બકરું કરતો
ક્યાંનો ક્યાં ફંગોળાઈ ગયો
વાઘનો શિકાર કર્યો હોય એમ
બકરું ઝૂંટવી
સાહેબ કિકિયારી કરતા ઊંડે જંગલમાં દોડી ગયા
લોહીલુહાણ થઈ ગયેલો
હું ત્યાં જ પડી રહ્યો…

o કમલ વોરા





o રણ : એક અનુભૂતિ

રણની ખુલ્લી કાર પર
તગતગે તડકો
ખદબદે રૂંવેંરૂંવું
જાણે હાંડલીમાં ખીચડી
ફદફદતી રેતીમાં
પગલું મંડાય
ખૂંપી જાય પગ પાની સુધી
ખૂંપે ખૂંપે ને ઊછળે.
ઝાંઝવાં ઝાળઝળિયાં થઈ
વળગે આંખે
ઝાંખી ઝાંખી બધી દિશાઓ
ઝાંખ વચ્ચે
ગારમાટી લપેટી ઊભા
ભૂંગા
મૂંગા.
ભૂંગામાં હરણી
ફરે આયના ઓઢી
રણ આખું વિશ્રામ કરે
કમખાને છાંયે
કંઠ-સ્વરોને ઝૂલે
દરિયો હીંચે
રણનો ખારો પાટ
રૂપ દરિયાનું લઈ છળે
ચડે ભરતી
જોડિયા પાવાના સૂરોમાં

(* જોડિયા પાવા : કચ્છના રણપ્રદેશનુ લોકવાદ્ય
* કચ્છમાં રણ-દરિયાનું સાયુજ્ય)

o રમણીક સોમેશ્વર

o સૃજન

અકળ
અકળ આ સકળ
દેહનાં ખેતર
આડે વાડ
વાડમાં છીંડાં
છીંડાંમાં ભોરિંગ
ટાંપતો ટગર
જીભ લપકારે
ખેતરમાં હળ ફરે
પાડતાં ચાસ
ચાસમાં
દાણે દાણે રોપાતાં
ખેતરનાં ખેતર
ટાંપે
ઊભું આભ
ગાભમાં
ફરી ફરી
ફણગે
આ
સૃષ્ટિ

o રમણીક સોમેશ્વર





o ચતુર્ભુજ

મારા એકલા બે પુખ્ત હાથ
સામે લંબાયેલા અસંખ્ય હાથ
ટાંપેલી નજરો વકાસેલાં મોં
ઘર્ર ર્ જડ્બાંઓ ઘરમાં ઘરઘરમાં
ઘ ર્ ર્ ઘંટીઓમાં ઓરે
બાજરો અવિરત
દળાય બંધાય શેકાય
ઉદરઅગ્નિ જલે
જિવાય ઝિરવાય
ઓરે, અરે ક્યાં સુધી ઓરે
મૂંઝાય અકળાય અચકાય દુભાય ...
કેલેન્ડરના પાને છટકું ગોઠવાય
એક મહાદેવનું, બીજું બૃહસ્પતિનું
ત્રીજું શનિસચરનું
બે દેવી એકાદશી એક પૂનમનું
ઘર ર્ ર્ ઘંટી બંધ
દિવસો લંબાય ક્યાં સુધી લંબાય
એકલા બે હાથ વિચારે અંત
એકલા બે હાથનો ....
હં હં હં..અ અ ..ત્યા જ
કેલેન્ડરના પાનેથી ઊતરી આવે
વરદા વિશ્વમ્ભરા
ઉતારે
એક બાજુએ મૂકે
શંખ પુષ્પ માળા ખડગ
કહે:
લે, વત્સ, મારા હસ્ત
હવે તું જ ચતુર્ભુજ.......

o મહેન્દ્ર જોશી





o નિર્દોષતા શી જડેલી !

(મંદાક્રાંતા)

ક્યાંથી શોધું, અગમ-નિગમે, શાસ્ત્ર-ગ્રંથે ન ભાળું
તારું કોરું મન નીરખવું, શબ્દમાં ક્યાંથી ન્યાળું?
તું જો જાણે હ્રદય મુજ તો, હું કહું વાત છાની-
હું ઝંખું છું સતત તુજને – શાશ્વતી હો નિશાની

પંખી કેરા કલરવ મહીં એક ઝાંખી મળેલી
એના ભોળા ઉડન મહીં નિર્દોષતા શી જડેલી !
ધારા ગંગા-જલ લહરની હોય ત્યાં વાસ તારો
કે ઊંચેરા હિમ-શિખર પે શંભુનો વાસ ન્યારો

આકાશોમાં નજર કરું તો, તું કદી લુપ્ત થાતી
ને સાન્નિધ્યે કુદરત તણા, તું વળી દૃષ્ટ થાતી
મીઠાં સત્યો મુજ જીવનનાં, ત્યાં રહે સુન્દરી તું.
તોયે કેવું વ્યથિત મન રે ! શોધું ક્યાં ક્યાં તને હું !

- ને જ્યાં મારા પ્રિયજનતણું સ્મિત ભોળું લહું હું
મારા હૈયે ચરણ નિજના, શી છટા ! ઠેરવે તું !

o ડૉ. અસ્મિતા યાજ્ઞિક

o ખમતીધર ખરજવું

ધાધર તો એને વારસામાં મળેલી.
પાંત્રીસે પૂગ્યો ત્યાં એણે પોતે હાંસલ કર્યું ખરજવું.
આમ તો એ ને ખરજવું બે જ આ વાત જાણે
પણ કોણ જાણે કેમ બધાંને ખબર પડી જ જાય.
મૂળે ચીમન ટી. મહેતા ‘ ચીમન ઢૈડ્ય ‘ કહેવાયા.
ચીમન ત્રિભુવનદાસ મહેતા એવું પોતાનું નામ
એને પોતાનેય યાદ નહીં હોય.
રાત ને દી બસ યાદ એકલી ખંજવાળ.
ચીમનનો એક હાથ (ડાબો કે જમણો)
ખરજવાને ખાતે ખતવાયો.
હાલતાં-ચાલતાં ઊંઘતાં-જાગતાં બસ ખણસ ખણસ ને ખણસ
જાણે શ્રી હાથમાં લાધી ગઈ કોઈ અમુલખ જણસ.
એવું નહીં કે ચીમનને ખરજવું કોઠે પડી ગયેલું.
આયુર્વેદ, હોમિયો/એલોપેથી, હકીમી ઉપચાર
જંતરમંતર, બાધાઆખડી બધું હારી ગયું
તોય સિલકમાં રહ્યું ખરજવું!
ઘડીક લીલું ઘડીક સૂકું ભાસે.
બાળહઠ, સ્ત્રીહઠ, જોગીહઠ, રાજહઠ બધાંય જાણે
ચીમને જાણી એવી કોઈએ નહીં જાણી હોય ખરજવાંહઠ.
ક્યારેક એને એમ થાય કે આ તો ગ્યું !
વળી મીઠી ચળનાં વમળ
કોણ જાણે ક્યાંથી ઉપડે.
ચીમન ઢૈડ્યને સાચવે છે કે
આખેઆખો ચીમન સચવાઈ ગયો છે ઢૈડ્યમાં
એ જ કળવું મુશ્કેલ!
આજની તારીખે તમે ગામમાં પેસતાં કોઈને પૂછો
કે ચીમનભાઈનું ઘર કઈ બાજુ?
તો સામે અચૂક પૂછાવાનું : ‘કયા ચીમન ?
ચીમન ત્રણ છે, ચીમન સોમા, ચીમન મકવાણા કે ચીમન ઢૈડ્ય?‘

o રમણીક અગ્રાવત



o ભાઈ ચીમનને એક વણમાગી સલાહ

લાલ રંગનું ખમીસ તું ન પહેર ચીમન
લાલ રંગ ધરાર ‘ના‘નો
લાલ રંગ જીવ સટોસટ ‘હા‘નો
લાલ રંગ બીકાળવાં સપનાંનો.

ચીમન તારી જીભ કહેતી હોય કૈં
તારી આંખ ફરતી હોય કૈં
તારી છાતી કહે ના
તારો હાથ કહે હા
તારાં જીભ દાંત હાથ કાન નાક પગ
બધાં નોખનોખું તાણે.

કયા રંગનું ખમીસ પહેરવું કે ન પહેરવું
એ સાવ અંગત બાબત ગણાય,
પણ કોઈ રંગને ધજાગરાની જેમ ફરકાવીને
બીજાની આંખમાં રોપવા તું નીકળી પડે
ત્યારે કહેવાઈ જાય ચીમન...

લાલ રંગ આંગળિયુંમાં જીવતા ગરમાટાનો
લાલ રંગ ઊઘડતી સવારનો
લાલ રંગ બિડાતી સાંજનો
એ ઝીલે કલરવ ને પીવે સન્નાટો
એ સહે ધાગધાગા ઉઘાડ
એ પચાવે ઝીંકાતો અંધાર
લાલ રંગ હલાલ થનાર કૂકડાની કલગીનો

લાલ રંગના ખમીસમાં પેસી
તું ભેરવાઈ જઈશ ચીમન
એમ હાથચડ્યો રંગ પહેરી ન લઈએ ભાઈ,
લાલ રંગનું ખમીસ તું ન પહેર–

o રમણીક અગ્રાવત

o જોયાં છે

શમણાંઓનાં પગલાં અડધી રાતે જાગી જોયાં છે
માચીસના અજવાળે અંધારાંને તાગી જોયાં છે

રોજ નવેસર ભાવ નવા આ ચહેરે ટાંગી જોયા છે
રોજ ફરી ચહેરા પરથી ચહેરાઓ ત્યાગી જોયા છે

એક કમંડળ, એક લંગોટી, આસન-માળા એક્કાં
જીવ સમું સઘળું સાચવનારા વૈરાગી જોયા છે


ક્યારે કોની પાસેથી કઈ વસ્તુ મળશે ક્યાં નક્કી ?
મૃગજળ પાસે પણ ખપજોગાં આંસુ માંગી જોયાં છે


આંખોમાં વિસ્મય આંજીને ફરતાં બાળકનાં દૃશ્યો
ઉલ્લાસિત આંખોએ આંખોમાંથી ભાગી, જોયાં છે

અણછેદ્યું અણભેદ્યું એનું અજવાળું દેખાય નહીં
કોણ છીએ ? શા માટે આવ્યા? પ્રશ્નો દાગી જોયા છે

એનાં આપેલાં શમણાં તૂટ્યાં છે એનું કારણ છે
નામ પામવા મેંય બધાં મોતીડાં ભાંગી જોયાં છે

o ડૉ. નીરજ મહેતા







o ટોળું

તારા પાછા વળવાની અફવાઓનું પણ ટોળું
તારા સામે મળવાની અફવાઓનું પણ ટોળું

રૂંધાયેલા કંઠ અચાનક ઊડ્યા પાંખ પ્રસારી
કલરવ ટોળે વળવાની અફવાઓનું પણ ટોળું

ખીણ કરીને પાર અમે પુલને તોડી તો નાખ્યો
ત્યાંથી પાછા વળવાની અફવાઓનું પણ ટોળું

આભ સમાણું પહોળું મોઢું ફાડીને આ ઊભું
શાંત સમયને ગળવાની અફવાઓનું પણ ટોળું

એકબીજાંથી જોજન-જોજન આઘે બેઠાં બન્ને
એકબીજાંમાં ભળવાની અફવાઓનું પણ ટોળું

o ડૉ. નીરજ મહેતા

o બે ગઝલ

૧

જીવતર, વાયા સબંધ, લોકલ, પાટા પરથી ખડી ગઈ છે
બે-ત્રણ સપનાં થયાં છે ઘાયલ બે-ત્રણ ઇચ્છા મરી ગઈ છે

મેં સૂરજને ટોપી માફક પહેરી લીધો છે માથા પર
જગત નામના ખાબોચિયાને દીવાદાંડી મળી ગઈ છે


બહુ જ દાઝ્યું છે મન એથી એના પર હું બરફ ઘસું છું
ગરમ તપેલી જેવી તારી વાણી એને અડી ગઈ છે

શિખર સુધી તો પહોંચ્યું છે બસ મારા હોવાનું એક ટીપું
ઓગળતાં ઓગળતાં આખી જાત પગથિયે રહી ગઈ છે

એને પાણી પિવડાવો મા ,સાવ સમૂળી વાઢી નાખો
તરસ અમારી ફરી નકામા ઘાસની જેમ જ વધી ગઈ છે

o કુલદીપ કારિયા







૨

જોઈ શકાતું હોય જો ધુમ્મસની આરપાર
તો દૃશ્ય પણ વહી શકે નસનસની આરપાર

અજવાળું ઊગશે હજારો વાર ઊગશે
અંધારું નીકળ્યું ભલે ફાનસની આરપાર

એણે કહેલો માર્ગ ક્યાં સમજી શક્યું કોઈ
ખીલાની જેમ સૌ ગયા જીસસની આરપાર

પૂછો નહીં કે એ પછી આકાર શું થયો
ચારેય રેખા વિસ્તરી ચોરસની આરપાર

સાચી ગઝલ હશે તો કશું પણ થશે નહીં
તલવાર જઈ શકે નહીં તાપસની આરપાર

સંબંધ આપણો કદી જાહેર ના થયો
એક આગ આવી નૈ કદી બાકસની આરપાર

o કુલદીપ કારિયા

o ત્રણ ગઝલ

૧

એમ ક્યાં કીધું કે જીવન સાવ સહેલું જોઈએ,
જે થવાનું હોય એ પહેલેથી કહેવું જોઈએ !

કોઈ રડતું હોય એ જોવું કંઈ સહેલું નથી,
એને જોવાં માટે ઈશ્વરનું કલેજું જોઈએ.

એટલા ધનવાન હોવું તું કરી દે ફરજિયાત,
વાણીમાં સંસ્કારનું કોઈ ઘરેણું જોઈએ.

એ જુએ મારાં કવચ-કૂંડળ ને તાકી તાકીને,
યાર સીધેસીધું બોલી નાખ ને શું જોઈએ !

આપણા જીવનના રસ્તા પર ખૂણે ઊભા રહી,
આવનારાં ને જનારાં ના પગેરું જોઈએ.

o ભાવેશ ભટ્ટ





૨

ફૂટપાથ ઉપર રોજ થતી ઘરની મિમિક્રી,
વહેંચી તમે કંબલ કરી ઈશ્વરની મિમિક્રી.

ના ભાન રહ્યું એનું તરસ બેઠી છે સામે,
થઇ ભૂલમાં મારાથી સમંદરની મિમિક્રી,

જીવનની પળેપળને પચાવી છે પરાણે,
જખ મારીને કરવી પડી શંકરની મિમિક્રી.

પોતીકું કશું હોત તો કંઈ વાત અલગ હોત,
કરવી ન પડત તારે જગતભરની મિમિક્રી.

આવે નહીં સખ્તાઈ અને જાય ન નરમાશ,
માટીને તો કરવી જ છે ડામર ની મિમિક્રી.

અપ-શબ્દનો ઉત્તર ન મેં અપ-શબ્દથી આપ્યો,
કોયલ કદી કરતી નથી કાબરની મિમિક્રી.

o ભાવેશ ભટ્ટ

3

આ પવન રોજ લાભ ખાટી જાય,
આંસુ તારાં તમામ ચાટી જાય !

અંતનો ડર ન હોય તળિયાને
બહુ-બહુ જાય તો સપાટી જાય !

મેં તમાશા ભર્યા છે ખીચોખીચ
આજ ખિસ્સું કદાચ ફાટી જાય !

કોણ ખાલી કબરમાં આવીને
રોજ થોડી હવાને દાટી જાય !

આમ ચાલ્યું ગયું છે સર્વસ્વ,
કેમ કરતાં ન કમકમાટી જાય !

o ભાવેશ ભટ્ટ

o દિવાળીની સુગંધ



હવે નથી
આવતી સુગંધ ઘરમાંથી
દિવાળીની
સુવાળીની મીઠી
કે
થાપડામાં નખાતા
મરીના ભૂકાની
તીખી સુગંધ!
ઝારીમાં ફૂટતો મકાઈનો ચેવડો
માવાના અને રવાના
બંને પ્રકારના ઘૂઘરા બનતા ત્યારે
હું મંકોડાની જેમ રસોડાની
અંદર જ ફર્યા કરતો.
ચોખ્ખા ઘીનો મોહનથાળ તો
સુગંધ રૂપે
મહોલ્લાના દરેક ઘરે
પહોંચી જતો
અને આખો મહોલ્લો
મીઠોમીઠો થઇ જતો!
ગઈ દિવાળીએ
દોરેલો સાથિયો
હજી છે,
હા, થોડો ઝાંખો થયો છે
સળ પડી ગયેલો સાથિયો
યાદ અપાવે છે એક ચહેરાની
એ ચહેરાને શોધું છું
દીવાના અજવાળામાં
પણ ઓલવાઈ ગયેલો ચહેરો
ગમે તેટલી
આતશબાજીના પ્રકાશમાં પણ...
ઘરની કોઈ તિરાડમાં
નાસ્તા કે મીઠાઈના ડબ્બામાં
ક્યાંયથી
ક્યાંયથી પણ
નથી આવતી સુગંધ દિવાળીની
મા, હવે ઘરમાં નથી!


o ધ્વનિલ પરીખ

o કવિતા લખ્યે વખત થયો

કવિતા લખ્યાને તો ઘણો વખત થયો
હવે જે લખીએ છીએ ક્યારેક
એ કવિતા છે અથવા તો કવિતાનો વેશ
અથવાતો કવિતાની હમશકલ અથવા તો કવિતાનો
અભિનય કરનાર કોઈક કવિતા
મોટાભાગે તો એ કવિતાના નામે કોઈ
બહુરૂપિયો હોય છે
એ બોલે તો છે, પણ પરદાની પાછળથી
કોઈક બોલતું હોય છે એનો સંવાદ
એ તો હાવભાવ ચાલ-ઢાલ અને
ચહેરેમહોરે પણ કવિતા લાગવા ચાહે છે
આગનો દરિયો તો દૂરની વાત છે
દીવાસળીની ધીમી તબક પણ નથી અહીંયાં
કવિતાના દુકાળમાં જોકે
ચોતરફ ઉમટ્યું છે પૂર કવિતાનું
શબ્દો ને કાગળ ચીખે છે
અમારા પર કૃપા કરો, અમને જવા દો.

કવિતા લખ્યે ઠીક ઠીક વખતે થયો.

o નરેન્દ્ર જૈન (હિન્દી)
o અનુ. પીયૂષ ઠક્કર



o સિનાન અન્તૂનનાં કાવ્યો

o અનુવાદ: હરીશ મીનાશ્રુ





બગદાદમાં જન્મ: ૧૯૬૭. ઈરાકી પિતા અને અમેરિકન માતાનુ સંતાન. ખાડી યુદ્ધના આરંભે, બગદાદ યુનિ. માંથી બી.એ. (ઈન્ગ્લિશ) થયા બાદ ૧૯૯૧માં ઈરાક છોડી અમેરિકામાં વસ્યા. ત્યાં ૧૯૯૫માં જ્યોર્જટાઉન યુનિવર્સિટીમાંથી આરબ સ્ટડિઝમાં એમ.એ. કર્યું ને ૨૦૦૬માં હાર્વર્ડમાંથી પીએચ.ડી.ની પદવી મેળવી. ૨૦૧૨માં એમને મહમુદ દરવિશના અનુદિત ગ્રંથ 'ઈન ધ પ્રેઝન્સ ઑફ એબ્સન્સ' માટે અમેરિકાનો નેશનલ ટ્રાન્સલેશન ઍવોર્ડ મળ્યો. ૨૦૧૩માં બર્લિનની અમેરિકન ઍકેડેમીના ફેલો બન્યા તથા આ જ વર્ષે એમનું પુસ્તક 'યા મરિયમ' અરેબિક કથાસાહિત્ય માટેના આંતરરાષ્ટ્રીય ઈનામ માટે શોર્ટલિસ્ટ થવા પામ્યું હતું (અનુવાદ મનોજ પટેલના હિન્દી તથા સ્વયં કવિના અંગ્રેજી અનુવાદના આધારે)

o યુદ્ધ

યુદ્ધથી
જ્યારે ચારણી થઈ ગઈ મારી છાતી
એક પીંછી ઉઠાવી મેં
મૃત્યુમાં ડુબાડેલી
અને એક બારી ચીતરી દીધી
યુદ્ધની દીવાલ પર.
મેં એને ખોલી
કોઈ વસ્તુ શોધવા
પણ
જોયું તો નજરે ચઢ્યું વધુ એક યુદ્ધ
અને એક મા
જે વણી રહી હતી એક કફન
એ મૃતક માટે
જે હજુ એના પેટમાં હતો.

o એક તસવીર

(ન્યૂ યોર્ક ટાઈમ્સના મુખપૃષ્ઠ પર એક ઈરાકી છોકરાની)

એ બેઠો હતો
ટ્રકના એક છેડે
(આઠ કે નવ સાલનો ?)
પોતાના પરિવારથી ઘેરાયેલો:
એની મા
બાપ
અને બીજાં પાંચ ભાઈ-બહેનો
સૂતેલાં પડ્યાં હતાં
ને એ મસ્તક
એના હાથમાં ઊંડું ખૂંપી ગયું'તું
દુનિયનાં બધાં જ વાદળ
રાહ જોઈ રહ્યાં હતાં
એની આંખોની કિનાર પર

એ લાંબા શખ્સે પરસેવો લૂછ્યો
ને ખોદવી શરૂ કરી
સાતમી કબર

o માયાજાલ

તારા હોઠ
જાણે એક ગુલાબી પતંગિયું
ઊડતું
એક શબ્દ પરથી બીજા શબ્દ પર
ને હું
દોડ્યા કરતો એની પાછળ
ખામોશીના
બગીચામાં

o શોધ

સમુદ્ર
એક શબ્દકોશ છે નીલિમાનો
જેને બહુ લગનથી વાંચ્યા કરે છે સૂર્ય,
તારો દેહ પણ
શબ્દકોશ છે
મારી ઝંખનાઓનો
જેના પ્રથમ અક્ષરમાં જ
વીતી જવાની જિંદગી !

o ઈરાકી શિશુને

તને ખબર છે
કે તારી માની સ્તનની દીંટડીઓ
છે સુક્કાં હાડકાં ?
કે એની છાતી ફાટી પડે છે
ડિપ્લીટેડ યુરેનિયમથી*

તને ખબર છે
કે ગર્ભાશયની બારીમાંથી દેખાય છે
જપ્ત કરી દેવાયેલો દેશ ?

તને ખબર છે
કે તારી આવતી કાલ પાસે નથી
કોઈ આવતી કાલ
કે તારું રુધિર છે રૂશનાઈ
નવતર નકશાઓની ?

તને ખબર છે
કે તારી મા એની ક્ષણોની મંથરતાથી
ગૂંથે છે મરસિયાં ?
ને એ ક્યારની રાજિયા ગાતી કલ્પાંત કરે છે ?

લજ્જિત ન થા
તારી અંત્યેષ્ટિ પૂરી થઈ ગઈ છે
આંસુઓ સુકાઈ ગયાં છે
સૌ ચાલ્યાં ગયાં છે

જરા આગળ આવ !
એક જ ટૂંકો રસ્તો છે
મોડો ના પડતો
તારી કબર ક્યારની
એની ઘડિયાળ જોયા કરે છે

ડરીશ નહિ !
અમે ગોઠવશું તારાં હાડકાં
તું જેમ ઇચ્છશે એમ
ને ખોપરી રાખશું
છેક ઉપર
ફૂલની જેમ

જરા આગળ આવ
તારા ઘણા બધા મિત્રો રાહ જુએ છે
ઘણી બધી આવતી કાલો છે
....
સાથે મળીને રમશે
તમારાં પ્રેતો

ચલ આવ તો !

(* ડિપ્લીટેડ યુરેનિયમ એટલે એવું યુરેનિયમ જેમાં આઈસોટોપ યુરેનિયમ -૨૩૫ કુદરતી રૂપે મળતા યુરેનિયમ કરતાં ઘણી ઓછી માત્રામાં હોય છે. એ એન્ટીટેન્ક શસ્ત્રો વગેરેમાં વપરાય છે)




o Centrifugal



By Douglas S. Jones

The spider living in the bike seat has finally spun
its own spokes through the wheels.
I have seen it crawl upside down, armored
black and jigging back to the hollow frame,
have felt the stickiness break
as the tire pulls free the stitches of last night’s sewing.
We’ve ridden this bike together for a week now,
two legs in gyre by daylight, and at night,
the eight converting gears into looms, handle bars
into sails. This is how it is to be part of a cycle—
to be always in motion, and to be always
woven to something else.

(Poetry Foundation.Org)



o કેન્દ્રાપગામી



ડગલસ એસ. જોન્સ
અનુ. યોગેશ વૈદ્ય

મોટર-સાયકલની સીટમાં રહેતા કરોળિયાએ
અંતે પૈડાંમાંથી કાંતી કાઢ્યા પોતાના આરા.

મેં તેને ઊંધે માથે ભાંખોડિયાં ભરતો જોયેલો.
કાળા બખતરવાળો,
ખૂબ ચપળતાથી નીચે ઊતરી આવતો
ભીતરથી પોલી ફ્રેમમાં,
ચીકાશ ભાંગતી અનુભવે
જ્યારે ટાયર ગઈ રાતની સિલાઈનાં ટેભા ખોલી કાઢે.

અમે
હમણાં એક અઠવાડિયા સુધી
મોટર-સાયકલની એકસાથે સવારી કરી.
ધોળે દિવસે બે પગ ભમ્મરિયા થઈને વળેલા
અને રાતે પેલા આઠ પગ
ફેરવી નાંખતા દાંતાને વણાટ કરતી સાળમાં
અને હેન્ડલના સળિયાને વહાણના સઢમાં.

આમ જ
એક ચક્રનો ઘટક બની રહે છે -
હંમેશાં ગતિમાન રહેતો
અને હંમેશાં અન્ય કશાકમાં વણાયેલો રહેતો તે.

O પીયૂષ ઠક્કર



O નરેશ ચન્દ્રકર :



(જ. ૧ માર્ચ, ૧૯૬૦, ડીંડવાણા, જિ. નાગૌર, રાજસ્થાન. કાવ્યસંગ્રહ : બાતચીત કી ઊડતી ધૂલ મેં (૨૦૦૨), બહુત નર્મ ચાદર થી જલ સે બૂની હુઈ(૨૦૦૭) અભી જો તુમને કહા(પ્રકાશ્ય) અનુવાદઃ ચિલી કે જંગલો મેં (પાબ્લો નેરુદા કા ગદ્ય).
વિવેચનઃ સાહિત્ય કી રચના પ્રક્રિયા(૨૦૦૦). સમ્માનઃ લક્ષ્મણ પ્રસાદ મંડલોઈ કવિતા–સમ્માન ૨૦૦૮.)

O સિત્તેર વર્ષના સત્તારભાઈ

દિવસોના દિવસો પછી
પીઠ પરના
દોસ્તના ધબ્બાની જેમ

હજાર રીતે
હજાર વખત યાદ આવે છે સત્તારભાઈ!

ચોકડીયાળી લુંગી
ટૂંકો કૂર્તો
ને સફેદ દાઢીમાં
બધાં માટે દુઆ માંગતા
ચોપડીઓની દેખરેખમાં વ્યસ્ત
એને પૂંઠાં ચઢાવતાં
એમને લાંબી ઉંમર બક્ષે છે સત્તારભાઈ
ચોપડીથી જોડાયેલો રોટલો
ચોપડીની જેમ વાંચતાં રહે છે...

શીખતા રહ્યા –
ભૂખ અને રોટલાંના સમ્બન્ધમાં
અલ્લાહને પામવાના નુસ્ખા
એ એટલાં તો ઘરડા છે છતાં
ચોપડીઓ પર પૂંઠાં ચઢાવતાં
કામમાં મશગૂલ
વારે વારે અલ્લાહને યાદ કરે છે

લોકોને નમીને
સ્નેહભર્યાં મળે છે સત્તારભાઈ
હજાર આંખોમાં
હજાર રીતે આવે છે.

ઓળખાય છે
ઉમરના ઝાડવે
જાંબુ જેવાં પાકાં ફળોથી !

ચકલીના ઊડવામાં અને
રંગોમાં છૂપા
પ્રેમથી..

યાદ કરવામાં આવે છે
પોતાના ઘરડા બે
માનવીય હાથના કારણે !
યાદ કરવામાં આવે છે
જળમાં ડૂબેલી
પૃથ્વીની જેમ લપસતી
પોતાની નાનકડી બે આંખોના કારણે !

સત્તારભાઈ યાદ કરવામાં આવે છે
શેરીના માણસોને એમ કહેતા કે–

સિત્તેર વરસનો માણસ
ઘરડો થાય તો એમ
પહાડ પર ઊભું
હરખાતું ઝાડ જાણે!
*

o રસ્તો વાળવાવાળી બેનો

હાલ તો એ ઊભી છે
નમશે તો આખુંય શરીર નમશે

દરદ સાથે એમની કરોડરજ્જુ નમશે
હાથ નમશે
સ્તન નમશે પૃથ્વીની તરફ

આંખો નમશે ધૂળના કણ પર
વ્યર્થ નકામી ચીજવસ્તુઓ પર

એ વાળશે મહાનગરના રસ્તા મોડી રાતે પણ
આવતી સવાર માટે
સાફસૂથરી સવાર માટે

એમને પગારમાં બંધાયેલી માનશો નહીં
એ છે,
મહાનગરના વિશાળ ઘરની સ્ત્રીઓ.

એમના ધૈર્યમાં બંધાયા છે
દુનિયાને ઘર જેવું બનાવવાના નુસખા

તેઓ કોઈ ગણીગાંઠી જ નથી
હજાર લાખ કરોડ છે
દુર્ગંધથી એ પૃથ્વીની રક્ષા કરી શકે છે

ક્યારેક જો નારાજ થશે તો
વાળી જશે
આકાશના તારા અને ફેંકી આવશે

બ્રહ્માંડના કાળા વિવરોમાં !

*



o ચાહવાનું ગાણું

પોતાના નામે તાર અને પત્રો રોજે રોજ આવે
એ જોવા ચાહું છું

બધાંયની વચ્ચે ઓળખાવા ચાહું છું
અજાણ્યા લોક અને રસ્તે આથડવા ચાહું છું

કોઈથી પણ વેગળો રહેવા નથી ચાહતો

હું ચાહું છું કે પતંગના દોરની જેમ મારો દોર
દરેક પકડવા ચાહે

ગંગાના ઘાટે નહાયા બાદ
જળમાં સૂર્ય-નમસ્કાર કરતી વખતે પણ
મને કોઈ એકલો ન મૂકે

મારી નવી રચનાઓના પાઠ વખતે
હોઉ હું સર્જકોની સામે

કચ્છના રણમાં સમુદ્રમાંથી મીઠું બનાવતા મજૂરોમાં
હું હોઉં નવરાશમાં એમની ભેગો બીડી ચેતાવતો
દુખમાં ઉદાસીમાં કોઈ
ચાહે ત્યારે પોતાના યારની માફક ભેટી શકે.

હું હોઉ હત્યારાઓની વિરુદ્ધ
નીકળતા જુલુસમાં સૌથી આગળ
હું હુલ્લડ કરનારાની પીઠ પર
બાવળની જેમ રોપાઈ જવા ચાહું છું.

હું અત્યાચારી શાસકોની ખુર્સીમાંની
લોખંડની ખીલીની માફક
ખૂંપવા ચાહું છું એમની જાંઘમાં

હું ઈશ્વરના નામે વહેંચાતી આ દુનિયામાં
બાળકની માફક હસવા ચાહું છું.

*

o દુખાની વાર્તા
(ચાની લારીએ કામ કરતા છોકરાંને જોઈને)

૧.

ઘોડાની જેમ દોડતી વાતોની વચ્ચે
દુખો ત્યાં ભીંસાઈ રહ્યોતો
વાતચીતની ઊડતી ધૂળમાંથી મેં જોયું
કાનના પર્દા હલ્યા નહીં હોય ક્યારેય
ત્યાં ચા પિનારા લોકોના
પોતાના કદથીય નીચેથી આવનારા અવાજને સાંભળી
'ચા લાવું સાયબ!'

એની દેહ–ભાષાનો એક પણ શબ્દ વંચાયો નહીં હોય
ક્યારેય
'કેટલો નાનો છું હજી તો...!'
'મું રમવા ક્યાં જાઉ છું...!'
'ઘર ક્યાં છે મારું...!'
'મને નથી ખબર મું ક્યારે અહીં આવ્યો...!'

આશ્ચર્ય!
હાજર હોવા છતાં એ છોકરો સૌની વચ્ચેથી ગાયબ હતો!

૨.

ગ્લાસ ધોતી વખતે એનો હાથ
કાચે કપાયો એક દિવસ
પણ આશ્ચર્ય
લોહી ના તો જમીન પર પડ્યું
ના માની ચિંતામાં
ના ડોક્ટરની કાતર પર હતું
ના કોઈનીય નજરે ચડ્યું
હા, એક જૂનું ચીથરું હતું ખરું
જેના ઉપર પડ્યાતા લોહીના કેટલાક ડાઘા, બસ !!

o કવિ બનવું અને કવિ હોવું... એક નોંધ - નરેશ ચન્દ્રકર

કાવ્યમાં ઘણું જોવામાં આવે છે. કાવ્યો કવિ દ્વારા રચાય છે. કવિના જીવતરને કારણે રચાય છે ! જેવું કવિનું જીવન એવી એની કવિતા. કવિનું જીવન જો નથી બન્યુ તો કવિતા પણ નહીં બને. કવિતા કવિના કાળ અને સમય થકી નિશ્ચિત થાય છે. આ વાતે કદાચ જ કોઈ અસમ્મત હોઈ શકે.

કવિતાની રવાની, લય, તાલ, પ્રવાહ, શબ્દોનું ચયન સઘળું કવિ છે તો નક્કી થાય છે. આ વાત સાચી ન હોત તો કવિતા રચવાને કવિની જરૂરિયાત રહેત નહીં. ચાલક વિનાનો ઘોડો હોઈ શકે. પણ કવિતા નહીં. કવિતા માટે કવિ અનિવાર્ય હોય છે. કવિ છે તો કાવ્યો રચાય છે. કાવ્યો એના જીવનમાંથી નિષ્પન્ન થાય છે. અને એના જીવનની સાથે બદલાય છે.

જોકે, કવિ પણ પોતાનાં કાવ્યોની સાથોસાથ રચાય છે અને બદલાય પણ છે. આ માનવું કદાચ મુશ્કેલ જણાય. કવિતા અને કવિના આવા અજબ સંબંધને કોણ સ્વીકારશે? જોકે આ સંબંધ એવો છે કે કોઈ એને સ્વીકારે કે ના સ્વીકારે એ સંબંધ નિરંતર જળવાઈ રહે છે.
કવિ પોતાનું કામ કાવ્યો લખીને કરે છે અને કાવ્યો પોતાનું કામ કવિને રચીને કરે છે.

એ બન્નેમાંથી કોઈ એકે પણ જો પોતાનું કામ બંધ કરે તો કાવ્યો કાવ્યો નથી રહેતાં અને કવિ કવિ નથી રહેતો. આ મિકેનિઝમ સમજવા જેવું છે. એક કવિ માટે તો એ સમજવું આમેય અનિવાર્ય છે. એ સમજ્યા વિના કવિ કવિ નથી બની શકતો. પછી ભલેને એ કઈક બીજું બની જાય.

કાવ્યો રચતા રચતા કવિ બનવાની પ્રક્રિયા શું હોય છે ? આમ તો જોકે એ સ્પષ્ટ છે. કાવ્યો લખવાની શરૂઆત થાય છે ને બધાં કવિના નામે બોલાવવાં લાગે છે. એક ઓળખ બનવાની શરૂ થાય છે. રચનાઓ પ્રકાશિત થવા લાગે છે. રચનાઓ સંભળાવાય છે. આવી ઓળખને પ્રાપ્ત કરવામાં માત્ર કેટલાક જ શબ્દો ખર્ચાય છે.

અન્ય એક પ્રક્રિયા પણ છે જે આસ્તે આસ્તે આવે છે. એ ભીતરની પ્રક્રિયા છે. એને અધકચરા પ્રયાસો દ્વારા મેળવી શકાતી નથી. એ આપમેળે ઉદ્ભવે છે. દરેક કવિમાં એ જુદી રીતે ઊગે છે. એ રીત પણ ઘણી મૌલિક હોય છે. જેમ ભૂખ હંમેશાં મૌલિક રીતે લાગે છે, -બસ એમ. દેવતા ચેતવવા માટે પોતાનો ચૂલો હોવો જરૂરી છે, એમ એ પ્રક્રિયામાં પણ, સ્વયં પોતાની ભીતરથી કવિ હોવાની પ્રતીતિ હોવી જરૂરી થઈ પડે છે. કોઈ સંબોધનની રાહ જોયા વિના પોતામાં કવિ હોવાની એ પ્રક્રિયા છે. જે રીતે ફૂલનું ખીલવું અહેતુક છે. ફૂલ ખીલવાની પાછળ ફૂલ બનવાનો ઉદ્દેશ નથી હોતોને- એમ. માત્ર હોવું જ ત્યાં પર્યાપ્ત છે. કવિ હોવાની પ્રક્રિયા પણ એવી જ પ્રક્રિયા છે. કવિ હોવાની પ્રક્રિયામાં પ્રમાણપત્ર અનિવાર્ય નથી હોતું. કોઈ કવિ તરીકે ઓળખે કે ના પણ ઓળખે, આ પ્રક્રિયાનો હેતુ માત્ર કવિ બનવાનો છે.

પોતાના જીવનમાં કોઈએ કવિ હોવાની ઓળખ મેળવી કે કેમ એ જુદી વાત છે. જોકે, પ્રત્યેક કવિ માટે સ્વયં કવિ બનવું અનિવાર્ય છે. પ્રમાણપત્રો દ્વારા બનેલા કવિમાં અને આત્મપ્રતીતિના આધારે બનેલા કવિમાં ફર્ક છે. આ ફર્ક એ જ છે કે બીજાના ઘોડા પર સવારી કરનારે ક્યારેક તો એ ઘોડો એના માલિકને સુપરત કરવો પડે છે. એ જ રીતે કવિ તરીકે ઓળખાવાથી જ હંમેશાં કામ નથી ચાલતું. વહેલા કે મોડા કવિની ઓળખ ગુમાવવી પણ પડી શકે છે. કવિનું સંબોધન જેમના તરફથી મળ્યું હોય છે એમને શક્ય છે કે એ પરત સોંપવું પડે. ઉછીનાં સંબોધનોના આધારે બનેલા કવિ અને વાસ્તવમાં આત્મસજગ કવિમાં આ જ તો ભેદ છે.

કવિ બનવા માટે નહીં, પણ કવિ હોવા માટે ભીતરથી કવિ બનવું જરૂરી છે. ભીંતો મજબૂત ન હોય તો સુંદર ઇમારત પણ પડી શકે છે. એટલે જ શક્ય હોય તો વહેલામાં વહેલું ભીતરથી એ કવિ હોવાની સજગતા કેળવવી જોઈએ. કવિ હોવાની આત્મસ્વીકૃતિ ઉપલબ્ધ કરવી જોઈએ.

o આ અંકના ફોટો-કલાકાર



જેનેટ સ્ટોરર
(Janet Storer)

દક્ષિણ ઓસ્ટ્રેલિયાના એડિલેડમાં જન્મેલા ફોટોકલાકાર જેનેટ સ્ટોરર (Janet Storer) ને બાળપણમાં બેલે નૃત્ય તરફ પણ લગાવ હતો. જોડકી બહેન સાથે ખૂબ આનંદમય બાળપણ ગાળ્યું.

ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન-એડિલેડમાં કારકિર્દીની શરૂઆત કરીને ૧૯૮૨માં કૉમનવેલ્થ ગેમ્સના કામ માટે બ્રિસબેન ગયાં અને નિવૃત્તિ સુધી ત્યાં જ રોકાઈ ગયાં. અહીં જ તેમનો ફોટોગ્રાફીનો શોખ વિકસ્યો.

નિવૃત્તિ બાદ દેશ-વિદેશની મુસાફરી કરી અને ઘણી તસવીરો ઝડપી; પણ તેઓ જણાવે છે કે તેમને ફોટોગ્રાફીની ખરી મજા તેમના ઘરના વાડામાં જ મળે છે. તેમના ઘણા ઉત્તમ ફોટોગ્રાફ અહીં જ પ્રાપ્ત થયા.

તેમનું કામ ઓસ્ટ્રેલિયાની વેબસાઈટો પર અને સામયિકોમાં પ્રગટ થઈ રહ્યું છે. હાલમાં જ તેમનુ કામ જર્મન સામયિક ‘વ્યૂ’માં પ્રગટ થયું.

તેમનું કામ ફોટોબ્લર(http://www.fotoblur.com/people/jastorer) તથા 500px (https://500px.com/buffy2013) સાઈટ પરથી માણી શકાય છે.

o ભાષા વિચાર : ભાષાવિજ્ઞાની બાબુ સુથાર સાથે પ્રશ્નોત્તરી (મણકો -૧)



(આપણે ત્યાં ગુજરાતી ભાષાના ધોવાણ વિષે, તેના ભવિષ્ય વિષે, અન્ય ભાષાના આક્રમણ વિષે, જોડણી આયોજન વિષે, અને આ બાબતે આપણી ઉદાસીનતા વિષે ચિંતાયુક્ત તાર-સ્વરે ઘણી ચર્ચાઓ સમયાંતરે વિવિધ માધ્યમો પરથી થતી રહી છે. ભાષાવિજ્ઞાન અને વ્યવસ્થાપનના દૃષ્ટિકોણથી આ સમસ્યાને સમજવા અને કોઈ નિષ્કર્ષ સુધી પહોંચવાની ઇચ્છાના બળે એક ચર્ચા કરવાનો અહીં ઉપક્રમ છે. આ દરમ્યાન કોઈ સર્વસ્વીકાર્ય અને અમલમાં મૂકી શકાય તેવી યોજના મળી આવે તો તે વિષે વિચારવાનો પણ આશય છે.

હાલ અમેરિકામાં વસતા આપણી ભાષાના સાહિત્યકાર, કવિ, વિવેચક, વિચારક, 'સન્ધિ' નામક સામયિકના સંપાદક અને એક ઉત્તમ ભાષાવિજ્ઞાની એવા શ્રી બાબુ સુથર સાથે આ વિષયમાં લંબાણપૂર્વકની અને રસપ્રદ પ્રશ્નોત્તરીનો આ પહેલો મણકો આપ સમક્ષ મૂકી રહ્યા છીએ.

આપના પ્રતિભાવો આ ઉપક્રમને વધુ પ્રાણવાન બનાવશે. – યોગેશ વૈદ્ય)

નિસ્યંદન: 'ભાષા' શું છે ? એની કોઈ વ્યાખ્યા આપી શકાય ખરી ? આપી શકાય તો કેવી ?

બાબુ સુથાર: હું બી.એ. કરતો હતો ત્યારે ભાષાવિજ્ઞાનના પેપરમાં એક પ્રશ્ન અચૂક પૂછાતો: ભાષાની વિવિધ વ્યાખ્યાઓ આપી ભાષા શું છે એ સમજાવો. આજે મને સમજાય છે કે આ પ્રશ્નનાં મૂળ આપણી ભાષાવિજ્ઞાન વિષેની ગેરસમજમાં પડેલાં છે અને એ ગેરસમજનાં મૂળ આપણાં ભાષાવિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકોમાં પડેલાં છે. એ વખતે બી.એ.માં જયંત કોઠારીનું ગુજરાતી ભાષાવિજ્ઞાન પરનું પુસ્તક પાઠ્યપુસ્તક તરીકે વપરાતું હતું. એ પુસ્તકમાં લેખકે ભાષાની ચાર પાંચ વ્યાખ્યાઓ આપી એ વ્યાખ્યાઓનો સાર આપેલો. એમાં એક વ્યાખ્યા સોસ્યુર નામના ભાષાવિજ્ઞાનીની પણ હતી. પણ જયંત કોઠારીએ સોસ્યુરનું મૂળ લખાણ વાંચવાની (અહીં 'વાંચવું'નો અર્થ 'સમજવું' એવો પણ કરવાનો છે) તકલીફ લીધી ન હતી. એને કારણે એ એક ખૂબ જ મહત્ત્વની વાત ચૂકી ગયેલા. સોસ્યુરે કુદરતી વિજ્ઞાનો અને સમાજવિજ્ઞાનોની વચ્ચે ભેદ પાડતાં કહેલું કે કુદરતી વિજ્ઞાનોમાં આપણે જેની તપાસ કરવાની હોય છે એ પદાર્થ અગાઉથી આપવામાં આવેલો હોય છે, જ્યારે સમાજશાસ્ત્રોમાં એ પદાર્થ આપણે કયો દૃષ્ટિકોણ અપનાવીએ છીએ એના આધારે અસ્તિત્વમાં આવતો હોય છે. સોસ્યુરે એના જમાનામાં ભાષાને એક સામાજિક પદાર્થ તરીકે જોયેલી. આજે પણ ઘણા ભાષાવિજ્ઞાનીઓ ભાષાને એક સામાજિક પદાર્થ તરીકે જૂએ છે અને એને પગલે ભાષાવિજ્ઞાનને પણ સમાજવિજ્ઞાનોનો એક ભાગ ગણે છે. એની સામે છેડે એવા ભાષાવિજ્ઞાનીઓ પણ છે જે ભાષાને કુદરતી પદાર્થ તરીકે જૂએ છે. ચોમ્સ્કી અને એના અનુયાયીઓની જ વાત લો. આરંભે ચોમ્સ્કી ભાષાને એક મનોવૈજ્ઞાનિક પદાર્થ તરીકે જોતા હતા અને એને પગલે એ એવું માનતા હતા કે ભાષાવિજ્ઞાન મનોવિજ્ઞાનનો જ એક ભાગ છે. ત્યાર પછી એમણે પોતાની ભાષા વિષેની પોતાની સમજ બદલી. એ ભાષાને આપણી cognitive systemના ભાગ રૂપે જોવા લાગ્યા. એને કારણે ભાષા એક પ્રકારનો cognitive પદાર્થ બની ગઈ. હવે એ જ ચોમ્સ્કી ભાષાને એક જીવવૈજ્ઞાનિક પદાર્થ તરીકે ઓળખાવે છે. એને કારણે હવે એવું માનવામાં આવે છે કે ભાષા એક જીવવૈજ્ઞાનિક પદાર્થ છે. એમ હોવાથી ભાષાવિજ્ઞાનને જીવવિજ્ઞાનના એક ભાગ તરીકે જોવું જોઈએ. તાજેતરમાં યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયાએ ભાષાવિજ્ઞાનના વિષયને આર્ટ્સમાંથી ખસેડી જીવવિજ્ઞાનમાં મૂક્યો છે. હવે આર્ટ્સના ડીન નહીં, જીવનવિજ્ઞાનોના ડીન એ વિભાગની કાળજી લે છે. આમ હોવાથી ભાષાની કોઈ એક જ કહી શકાય એવી વ્યાખ્યા આપી શકાય નહીં.

નિસ્યંદન: તો પછી ભાષા શું છે એ પ્રશ્નનો કોઈ જવાબ જ ન મળે.

બા.સુ : ના, તદ્દન એવું નથી. દરેક ભાષાવિજ્ઞાની એક ચોક્કસ એવો અભિગમ સ્વીકારીને ભાષાની વ્યાખ્યા બાંધતો હોય છે. અને એમ કરવું જરૂરી પણ હોય છે. દાખલા તરીકે, બ્લૂમફિલ્ડે ભાષાની વ્યાખ્યા આપી ત્યારે એણે વર્તનવાદનો દૃષ્ટિકોણ સ્વીકારેલો. એ જ રીતે, સોસ્યુરે જ્યારે ભાષાની વ્યાખ્યા આપી ત્યારે એને સંરચનાવાદી અભિગમ સ્વીકારેલો. આગળ જતાં ચોમ્સ્કીએ ભાષાની

વ્યાખ્યા આપતી વખતે રેશનાલિસ્ટ અભિગમ સ્વીકારેલો. ચોમ્સ્કીએ Internalized language (I-language) અને Externalized language (E-language) વચ્ચે ભેદ પાડ્યો છે. આ ભેદ હકીકતમાં તો વિભાવનામૂલક છે. એ I-languageને માનવચિત્ત સાથે સાંકળે છે જ્યારે E-languageને માનવ-વર્તન સાથે સાંકળે છે. એટલે કે I-languageને સમજો તો માનવચિત્ત સમજાય અને E-languageને સમજો તો માણસનું વર્તન સમજાય. આમાંની I-language એક પ્રકારની computational system છે જે આપણે બનાવી નથી. આપણે એ system સાથે જનમતાં હોઈએ છીએ.

નિસ્યંદન: તો પછી ભાષાવિજ્ઞાન શું છે ?

બા.સુ : દરેક સંસ્કૃતિમાં ભાષાવિજ્ઞાન વિષે ઘણી બધી ગેરમસજ પ્રવર્તતી જોવા મળે છે. ગુજરાતી પણ એમાંથી બાકાત નથી. હું જ્યારે કોઈકને કહું કે હું ભાષાવિજ્ઞાની છું તો લોકો મને પૂછતા હોય છે કે મને કેટલી ભાષાઓ આવડે છે? એનો અર્થ એ થયો કે કેટલાક લોકો ભાષાવિજ્ઞાનીનો ‘ઘણી બધી ભાષાઓનો જાણકાર’ એવો અર્થ કરતા હોય છે અને આ જ સમજને એઓ આગળ ધપાવીને એવું માની લેતા હોય છે કે એક કરતાં વધારે ભાષાઓના વ્યાકરણનો અભ્યાસ કરે તે ભાષાવિજ્ઞાન. તો વળી કેટલાક એવું પણ માનતા હોય છે કે વ્યાકરણમાં સાચું શું ખોટું શું એ કહી બતાવે તે ભાષાવિજ્ઞાન. એક જમાનામાં આ પ્રકારના ભાષાવિજ્ઞાનનો મહિમા થતો હતો પણ વર્ણનાત્મક (અમેરિકન સંરચનાવાદ) ભાષાવિજ્ઞાનના આગમન પછી આપણી ભાષાવિજ્ઞાનની એ સમજ બદલાઈ ગઈ. જો કે, અત્યારે કેટલાક ભાષાવિજ્ઞાનીઓ એ વાતનો સ્વીકાર કરે છે કે ભાષાના નિભાવ માટે એ પ્રકારના ભાષાવિજ્ઞાનની પણ જરૂર છે. વર્ણનાત્મક ભાષાવિજ્ઞાન પહેલાં તુલનાત્મક અને ઐતિહાસિક ભાષાવિજ્ઞાનની બોલબાલા હતી. તુલનાત્મક ભાષાવિજ્ઞાન એક કરતાં વધારે ભાષાઓનો અભ્યાસ કરી, એમની વચ્ચેના સામ્ય અને ભેદની વાત કરતું હતું. એટલું જ નહીં, ઉપલબ્ધ માહિતીના આધારે એ ભાષાવિજ્ઞાન ભૂતકાળમાં અસ્તિત્વમાં હોય પણ અત્યારે એના વિષેના કોઈ જ દસ્તાવેજી પુરાવા ન હોય એવી ભાષાઓની પુનર્રચના પણ કરતું હતું. ઐતિહાસિક ભાષાવિજ્ઞાન સમયના કોઈક બે બિંદુ પર ઉપલબ્ધ એવી કોઈ એક જ ભાષાની બે વ્યવસ્થાઓનો અભ્યાસ કરી એના આધારે ભાષાપરિવર્તનના નિયમો શોધવાનું કામ કરતું હતું. વર્ણનાત્મક ભાષાવિજ્ઞાન પછી સંરચનાવાદી (યુરોપિયન) ભાષાવિજ્ઞાન આવ્યું. એ ભાષાવિજ્ઞાને ભાષાને એક સિસ્ટમ તરીકે જોઈ અને એ સિસ્ટમને બાયનરી ઓપોઝિશન્સમાં વહેંચી નાખી. સોસ્યુરે આ પ્રકારના ભાષાવિજ્ઞાનનો પાયો નાખેલો. અત્યારે ઘણા બધા અભિગમો અસ્તિત્વ ધરાવે છે, પણ એમાંના બે અભિગમ ખૂબ પ્રભુત્વ ધરાવે છે. એક તે જનરેટિવ ભાષાવિજ્ઞાન. આ ભાષાવિજ્ઞાનને I-languageના વિશ્લેષણમાં રસ છે. બીજો અભિગમ તે સમાજભાષાવિજ્ઞાન, પણ જરા વ્યાપક અર્થમાં. આ ભાષાવિજ્ઞાનને E-languageમાં રસ છે.

નિસ્યંદન: ગુજરાતીમાં ભાષાવિજ્ઞાન વિષેની સમજ કયા પ્રકારની છે ?

બા.સુ: ગુજરાતીમાં ભાષાવિજ્ઞાન વિષે ખૂબ મોટા પાયા પર ગેરસમજ પ્રવર્તે છે અને એ માટે આપણા ગુજરાતી વિષયના અધ્યાપકો અને આપણા સાહિત્યકારો પણ જવાબદાર છે. ગુજરાતી વિષયના ઘણા બધા અધ્યાપકો ‘ગુજરાતી ભાષાવિજ્ઞાન’ ભણાવતા હોય છે અને એને પગલે એ એવો દાવો પણ કરતા હોય છે કે એ ભાષાવિજ્ઞાની છે.એ જ રીતે, આપણા સાહિત્યકારો પણ. એ લોકો ભાષાનો સર્જનાત્મક (સર્જક હોય તો) કે વિશ્લેષણાત્મક (વિવેચક હોય તો) ઉપયોગ કરતા હોય છે એમાં ના નહીં. પણ, એના આધારે એઓ ઘણી વાર તો એવો દાવો પણ કરતા હોય છે કે એ લોકો પણ ભાષાવિજ્ઞાનીઓ છે. આ તો મીઠું વાપરનાર એવો દાવો કરે કે હું રસાયણશાસ્ત્રી છું એવી વાત થઈ. હકીકત એ છે કે આજે ભાષાવિજ્ઞાન એક એવી ઊંચાઈ પર પહોંચી ગયું છે કે ભાષાના એક સિદ્ધાંતને વરેલો ભાષાવિજ્ઞાની ભાષાના બીજા સિધ્ધાન્તને વરેલા ભાષાવિજ્ઞાનીનાં લખાણો સરળતાથી સમજી શકતો નથી. કેમ કે દરેક સિદ્ધાંતની પોતાની ભાષા છે, એનું પોતાનું શબ્દભંડોળ છે અને એનું પોતાનું વાક્યતંત્ર છે. એટલું જ નહીં, ભાષાવિજ્ઞાનમાં એટલું બધું સુપરસ્પેશિયાલાઈઝેશન આવી ગયું છે કે ભાષાના એક જ પાસા પર કામ કરતો ભાષાવિજ્ઞાની ભાષાના બીજા પાસા પર કામ કરતા ભાષાવિજ્ઞાની સાથે ભાગ્યે જ સંવાદ કરી શકતો હોય છે.

હું અહીં (અમેરિકામાં) ભાષાવિજ્ઞાનમાં પીએચ.ડી. કરવા આવ્યો ત્યારે અમારા વાક્યરચનાના પ્રોફેસરે સૌ પ્રથમ તો ભૌતિક વિજ્ઞાની રિચાર્ડ ફેઇનમનનું The Character of Physical Law પુસ્તક વાંચવા આપેલું. આ પુસ્તક વંચાવવા પાછળ એમનો આશય સાવ સરળ હતો: એ અમને એટલું જ શિખવાડવા માગતા હતા કે ભાષાવિજ્ઞાન પણ કુદરતીવિજ્ઞાનોની જેમ એક પ્રકારનું વિજ્ઞાન જ છે. આપણે ભૌતિકવિજ્ઞાનનું જ ઉદાહરણ લઈએ. એના ઇતિહાસ પર નજર નાખીશું તો આપણને

સમજાશે કે એક જમાનામાં આપણે પ્રયોગશાળામાં પ્રયોગો કરીને એના આધારે ભૌતિક જગતના કેટલાક નિયમો તારવવાનો કે શોધવાનો પ્રયાસ કરતા હતા. પણ પછી આઈન્સ્ટાઈનના આગમન પછી એ ભૌતિક પ્રયોગશાળાનું સ્થાન માનસિક પ્રયોગશાળાએ લીધું. દાખલા તરીકે શ્રૃડીંગરનો પ્રયોગ લો. એ એક thought-experiment જ છે. ભાષાવિજ્ઞાનમાં પણ એ જ રીતે thought-experiments કરવા પડતા હોય છે. એનો અર્થ એ થયો કે ભાષાવિજ્ઞાન પણ એક પ્રકારનું કુદરતી વિજ્ઞાન છે. એનો હવે સમાજવિજ્ઞાનમાં કે માનવવિજ્ઞાનમાં સમાવેશ કરી શકાય એમ નથી.

દેખીતી રીતે જ કુદરતી વિજ્ઞાનનો અભ્યાસ ગણિતના જ્ઞાન વિના, ખાસ કરીને formal mathematicsના જ્ઞાન વિના, ન થઈ શકે. આપણા કેટલા ભાષાવિજ્ઞાનીઓએ કુદરતી વિજ્ઞાનો, ખાસ કરીને જીવવિજ્ઞાન અને જિનેટિક્સનો અને ગણિતનો અભ્યાસ કર્યો હશે એવો એક પ્રશ્ન આપણે પૂછી શકીએ. પ્રબોધ પંડિત હયાત હતા ત્યારે ભાષાવિજ્ઞાન આ સ્તર સુધી ન હતું પહોંચ્યું. એટલે એમની પાસે એ અપેક્ષાઓ ન રખાય. એ જ રીતે હરિવલ્લભ ભાયાણી હયાત હતા ત્યારે ભાષાવિજ્ઞાન ગણિત અને જીવવિજ્ઞાનનાં બારણાં ખખડાવી રહ્યું હતું. એટલે એમની પાસે પણ આ અપેક્ષાઓ ન રાખી શકાય. ત્યાર પછી ભારતી મોદીએ એમના જમાનામાં ભાષાવિજ્ઞાને સ્વીકારેલા formal mathematicsના આધારે ગુજરાતી ધ્વનિતંત્રનું નિરૂપણ કર્યું છે. એમનું ચોમ્સ્કી પરનું પુસ્તક જોશો તો તમને એ વાતનો ખ્યાલ આવશે કે એ એમના વિષયમાં કેટલાં 'અપ-ટુ-ડેટ' હતાં. એ સિવાયનું બીજું બધું ભાષાવિજ્ઞાન હજી ૧૯૫૭ પહેલાંના ભાષાવિજ્ઞાનની મર્યાદામાં રહીને થયા કરે છે. એમાં ઊર્મિ દેસાઈ જેવા ભાષાવિજ્ઞાનીએ પ્રમાણમાં ઘણું સારું કામ કર્યું છે. હું માનું છું કે ૨૦૧૪માં જો કોઈએ પોતાની જાતને ભાષાવિજ્ઞાની તરીકે ઓળખાવવી હોય તો એણે કુદરતી વિજ્ઞાનો અને formal mathematicsનો ઊંડો અભ્યાસ કરવો પડે.

નિસ્યંદન : વ્યાકરણ અને ભાષાવિજ્ઞાન વચ્ચે કોઈ ફરક ખરો ?

બા.સુ: આપણે ભાષાવિજ્ઞાન અને વ્યાકરણ વચ્ચે પણ ઘણી વાર ભેળસેળ કરી નાખતા હોઈએ છીએ. પણ હકીકતમાં એ બન્ને વચ્ચે ઘણો ફરક છે. આપણે જોયું એમ ભાષાવિજ્ઞાન એક પ્રકારનું વિજ્ઞાન છે. જેમ વિજ્ઞાની પોતાનાં સંશોધનોને રજૂ કરવા formal language ઉપયોગ કરતો હોય છે એમ ભાષાવિજ્ઞાની પણ પોતાનાં સંશોધનો રજૂ કરવા formal languageનો ઉપયોગ કરતો હોય છે. વ્યાકરણ એ અર્થમાં પદ્ધતિ નથી. એ નિયમોની એક વ્યવસ્થા છે. હું એક દાખલો આપું. ગુજરાતી ભાષામાં વિશેષણ નામની પહેલાં આવતું હોય છે. પણ, ભાષાવિજ્ઞાનીઓ અનેક ભાષાઓના અભ્યાસના અંતે એવી દલીલ કરે છે કે જે ભાષાઓમાં પહેલાં કર્તા, પછી કર્મ અને પછી ક્રિયાપદ આવતાં હોય એ ભાષાઓમાં વિશેષણ મોટે ભાગે તો નામની પછી આવતું હોય છે. એનો અર્થ એ થયો કે ગુજરાતી ભાષામાં વિશેષણ પેલા પદક્રમના સામાન્ય નિયમ પ્રમાણે વર્તન કરતું નથી. વ્યાકરણ આટલું જ કહેશે: વિશેષણ નામ પહેલાં આવે. ભાષાવિજ્ઞાન 'કઈ રીતે આવે છે અને કેમ એ રીતે આવે છે' એના ખુલાસા આપશે. ટૂંકમાં, વ્યાકરણ બહુ બહુ તો what અને howની વાત કરે જ્યારે ભાષાવિજ્ઞાન what, how અને why આ ત્રણેના જવાબ આપે.

નિસ્યંદન: ભાષા અને એના બોલનાર વચ્ચે કયા પ્રકારના સંબંધ હોઈ શકે? એ બન્ને પરસ્પર પ્રભાવ પાડી શકે ખરાં ?

બા.સુ : ભાષા અને એના બોલનાર વચ્ચેના સંબંધના સંદર્ભમાં અનેક સિદ્ધાંતો છે. એક સિદ્ધાંત એમ માને છે કે ભાષા આપણી વાસ્તવિકતાનું સ્વરૂપ નક્કી કરતી હોય છે જ્યારે બીજો સિદ્ધાંત એમ પણ કહે છે કે આપણે જે રીતે જગતને જોઈએ છીએ એ રીતે ભાષા ઘડાતી હોય છે. ભાષાવિજ્ઞાનમાં આ બન્ને અભિગમોને relativistic hypothesis તરીકે ઓળખવામાં આવે છે. આ hypothesis સ્વીકારે છે કે ભાષા સ્થળ, સમય અને સામાજિક વર્ગ પ્રમાણે બદલાયા કરે.

નિસ્યંદન: આપણે ત્યાં આમાંનો બીજો સિદ્ધાંત વધુ બળૂકો થઈને કામ કરી રહ્યો હોય તેવું નથી લાગતું ?

બા.સુ : મને લાગે છે કે તમારી વાતમાં ક્યાંક તથ્ય છે; પણ કમનસીબી એ છે કે આ બીજા સિદ્ધાંત પ્રમાણે વિચારનારા કોઠાસૂઝથી આગળ જતા નથી. એટલે કે એ લોકો પોતાના વિચારને એક શાસ્ત્ર સુધી લઈ જતા નથી. જો એમનો એ વિચાર શાસ્ત્ર સુધી પહોંચ્યો હોત તો એ ક્ષેત્રમાં ઘણાં સંશોધનો થયાં હોત. પણ, હું હજી સુધી એવા કોઈ સંશોધનના સંપર્કમાં આવ્યો નથી.

નિસ્યંદન: તો આ બન્ને સિદ્ધાંતો વિષે જરા વીગતે વાત કરશો ?

બા.સુ: આ બન્ને સિદ્ધાંતોમાંનો પહેલો સિદ્ધાંત લો. એ સિદ્ધાંત સેપિર-વોર્ફ સિદ્ધાંત તરીકે પણ ઓળખાય છે. એ બન્ને ભાષાવિજ્ઞાનીઓએ ભાષાનું વીગતવાર વિશ્લેષણ કરીને આપણને સમજાવ્યું છે કે આપણી ભાષાની સંરચના અને એનું શબ્દભંડોળ આપણી વાસ્તવિકતાનું સ્વરૂપ નક્કી કરતાં હોય છે. જો ગુજરાતી ભાષામાં ice અને snow માટે અલગ શબ્દો ન હોય તો એનો અર્થ એ થયો કે આપણે બરફ સાથે સંકળાયેલા જગતને એ રીતે બે ભાગમાં વહેંચી ન શકીએ. આપણા માટે હિમાલય પર્વત પર થતો બરફ અને હિમાલય આઈસ ફૅક્ટરીમાં થતો બરફ બન્ને સરખાં બની જાય. હવે બીજો સિદ્ધાંત લો. આપણે ગુજરાતીમાં "હું પ્રેમમાં પડ્યો" જેવી વાક્યરચના કઈ રીતે આવી- એવા એક સાદા પ્રશ્ન દ્વારા આ સિદ્ધાંત સમજવાનો પ્રયાસ કરીએ. હકીકત એ છે કે એ વાક્યરચના ગુજરાતી છે જ નહીં. ગુજરાતી ભાષામાં આપણે પ્રેમમાં પડતા નથી, આપણને પ્રેમ થતો હોય છે. રજનીશે (ઓશોએ) એક વાર પશ્ચિમની મશ્કરી કરતાં કહેલું કે We do not fall in love, we rise in love. અમેરિકન મનોવૈજ્ઞાનિક એરીચ ફ્રોમે to have અને to be ભાષાઓ વચ્ચે ભેદ પાડ્યો છે અને એવું સૂચવ્યું છે કે to have ભાષાઓમાં જ fall વપરાતું હોય છે. આપણે જ્યારે બીજી ભાષાઓના સંપર્કમાં આવીએ ત્યારે જો એ ભાષા આર્થિક, સામાજિક, ટેકનોલોજિકલ સત્તાની ભાષા હોય તો એ ભાષા આપણી ભાષા પર પ્રભાવ પાડે. કેટલાક લોકો એ ભાષાનો પ્રતિકાર કરે પણ મોટા ભાગના એના શરણે થઈ જતા હોય છે. આ સંદર્ભમાં ભાષાવિજ્ઞાનીઓ 'ભાષા વફાદારી'ની વિભાવના આપે છે. જે ભાષકોની માતૃભાષા પરત્વેની વફાદારી ઓછી એ ભાષકોની માતૃભાષાનું ધોવાણ વધારે.જો ગુજરાતી પ્રજા એની માતૃભાષાને વફાદાર ન રહે તો દેખીતી રીતે જ એનો પ્રભાવ એની માતૃભાષા પર પડવાનો.

નિસ્યંદન: શું ભાષાને પણ એનું પોતાનું આયુષ્ય હોય છે ?

બા.સુ : એક જમાનામાં ભાષાને સમજવા માટે ઉત્ક્રાંતિવાદમાંથી રૂપકો લાવવામાં આવતાં હતાં. વ્હીટનીનું Life and Growth of Language: An outline of linguistic science પુસ્તક જૂઓ. એમાં એણે ભાષાની એ રીતે વાત કરી છે જાણે કે એને પણ જન્મ, ઉછેર, મરણ વગેરે ન હોય. એ જ રૂપકને આપણે આજે પણ પ્રયોજી શકીએ. કેમકે હવે ભાષાવિજ્ઞાન, મેં આગળ કહ્યું છે એમ, જીવવિજ્ઞાનનો જ એક અંશ બની ગયું છે. એમ હોવાથી દેખીતી રીતે જ આપણે ઉત્ક્રાંતિવાદને બાજુ પર ન મૂકી શકીએ અને એને પગલે એમ કહી શકીએ કે ભાષાઓ પણ જનમતી હોય છે, વિકસતી હોય છે અને મરતી પણ હોય છે. પણ, એનો અર્થ એવો નથી કરવાનો કે વહેલાં મોડાં બધી જ ભાષાઓ મરવાની છે.

ભાષાના જન્મ વિષે વાત કરતાં આપણે ભાષાની ઉત્પત્તિ અને ભાષાના જન્મની વચ્ચે ભેદ પાડવો પડશે. ઓગણીસમી સદીમાં ભાષાની ઉત્પત્તિ વિષે ઘણું વિચારાતું હતું. પણ, એમાંનું ઘણું બધું એટલું તો અવૈજ્ઞાનિક હતું કે ૧૮૬૫માં પૅરિસની ભાષાવિજ્ઞાન સોસાયટીએ અને ૧૮૭૩ માં લંડનની ભાષાવિજ્ઞાન સોસાયટીએ ભાષાની ઉત્પત્તિ પરનાં લખાણો નહીં સ્વીકારવાની વિધિસર જાહેરાત કરેલી. લગભગ સો વરસ પછી એ વિષય પર ભાષાવિજ્ઞાનીઓએ નવેસરથી વિચારવાનું શરૂ કરેલું.

ભાષાની ઉત્પત્તિના અભ્યાસના સંદર્ભમાં પણ ઘણા અભિગમો છે. એક અભિગમ માણસનો અને બીજાં પ્રાણીઓનો તુલનાત્મક અભ્યાસ કરીને માનવભાષાની ઉત્પત્તિની વાત કરે છે તો બીજો અભિગમ આંગિક ચેષ્ટાઓમાં ભાષાનાં મૂળ જૂએ છે. આપણા ત્યાં ઘણા એવું માને છે કે પહેલાં આંગિક ચેષ્ટાઓ પછી એમાંથી ભાષાની ઉત્પત્તિ થઈ. પણ એ વિચાર હવે સ્વીકારાતો નથી. પહેલાં ચેષ્ટા પછી ભાષા- એમ નહીં, બન્ને સમાન્તરે વિકસ્યાં છે એવું અત્યારના ભાષાવૈજ્ઞાનિકો માને છે.

ભાષા બીજી રીતે પણ અસ્તિત્વમાં આવે. કોઈક કારણસર બે ભાષા-સમાજો એકબીજાના સંપર્કમાં આવે અને જો બન્ને સમાજ એકબીજાની ભાષા જાણતા ન હોય; એટલું જ નહીં, એ બન્ને સમાજની વચ્ચે કોઈ કડીભાષા પણ ન હોય અને બન્ને સમાજને એકબીજાં સાથે પ્રત્યાયન કરવાની તાકીદની જરૂર ઊભી થઈ હોય ત્યારે એ બન્ને સમાજની ભાષાઓના મિશ્રણમાંથી એક ત્રીજી ભાષા અસ્તિત્વમાં આવતી હોય છે. શરૂઆતમાં આ ભાષા એક પણ સમાજની માતૃભાષા હોતી નથી. આ ભાષાને અંગ્રેજીમાં pidgin તરીકે ઓળખવામાં આવે છે. કાળક્રમે જો એ ભાષા કોઈ એક સમાજની માતૃભાષા બની જાય તો એને creole તરીકે ઓળખવામાં આવતી હોય છે. આ પ્રકારની ભાષાઓ આડેધડ અસ્તિત્વમાં નથી આવતી. ભાષાવિજ્ઞાનીઓએ એવી અનેક ભાષાઓના અભ્યાસને અંતે એવું સાબિત કર્યું છે કે એ બધી જ ભાષાઓ કેટલાક સામાન્ય નિયમોને વશ વર્તીને અસ્તિત્વમાં આવી છે.

નિસ્યંદન: આ વાત રસપ્રદ છે. જરા ઉદાહરણ આપી, વિગતે સમજાવશો ?

બા.સુ: આ પ્રકારની અનેક ભાષાઓ આપણા વિશ્વમાં છે. જેમ કે આફ્રિકાની બારીકાન્ચી ભાષા. ઘણા લોકો એને ભ્રષ્ટ હાઉસા ભાષા તરીકે પણ ઓળખાવે છે. એ જ રીતે મધ્ય આફ્રિકાની સાન્ગો ભાષા. અત્યારે એના દોઢેક મિલિયન જેટલા ભાષકો છે. જર્મન ભાષાના પ્રભાવ હેઠળ પણ આવી ભાષાઓ અસ્તિત્વમાં આવી છે. નામીબિયાના કેટલાક વિસ્તારોમાં બોલાતી નામીબિયાન બ્લૅક જર્મન એનો ઉત્તમ નમૂનો છે. પોર્ટુગીઝ ભાષાના કારણે અસ્તિત્વમાં આવેલી આવી ભાષાઓની સંખ્યા પણ ખાસી બધી છે. દાખલા તરીકે કોરલાઈ-પોર્ટુગીઝ. મહારાષ્ટ્રના રાઈગઢ જિલ્લાના કોરલાઈ ગામની આસપાસ આ ભાષા બોલાય છે. એ જ રીતે દમણ ઈન્ડો-પોર્ટુગીઝ ભાષા પણ છે, જે દમણમાં બોલાય છે. અત્યારે એ ભાષા બોલનારાઓની સંખ્યા બેએક હજાર જેટલી જ છે. આ પ્રકારની ભાષાઓનો અભ્યાસ ખૂબ જ મહત્ત્વનો છે. કેમ કે એ એક બાજુ ભાષાના સ્વરૂપ પર તો બીજી બાજુ માનવચિત્ત અને જે તે સંમાજની સંરચનાને સમજવામાં મદદરૂપ થતો હોય છે. અમેરિકાની ઘણી બધી યુનિવર્સિટીઓમાં આ પ્રકારની ભાષાઓના નિષ્ણાતોના પ્રોફેસરોની નિમણૂક થતી હોય છે.

નિસ્યંદન: ભાષાના વિકાસ અને અંત વિષે પણ કશુંક કહેશો ?

બા.સુ : ચોક્કસ. પણ, એ પહેલાં એક વાત. તમે કૉમ્પ્યુટર ભાષાઓ વિષે તો જાણો જ છો. જેમ કે C +++, અને Jawa. આ પણ ભાષાઓ જ છે. જેમ કુદરતી ભાષાઓ, એમ આવી કૃત્રિમ ભાષાઓ પણ અસ્તિત્વમાં આવતી હોય છે. આ ભાષાઓનું પણ એક નિશ્ચિત એવું શબ્દભંડોળ હોય છે અને એનું ચોક્કસ એવું વાક્યતંત્ર પણ હોય છે.

હવે મૂળ વાત. ભાષાના જન્મની જેમ ભાષાનો વિકાસ પણ થતો હોય છે. આ વિકાસ કાં તો પ્રગટપણે થાય કાં તો અપ્રગટપણે થાય. આપણે જોડણીકોશ બનાવ્યો ત્યારે આપણે પ્રગટપણે આપણી ભાષાનો વિકાસ કરવાનો પ્રયાસ કરેલો. ગાંધીજીને અનુસરીને જ્યારે આપણા સાહિત્યકારોએ કોશિયો પણ સમજી શકે એવી ભાષામાં સર્જન કરવાનું શરૂ કર્યું ત્યારે આપણે અપ્રગટપણે ભાષાનો વિકાસ કરતા હતા. જો આપણે ગાંધીજીને ન અનુસર્યા હોત તો આજે ગુજરાતી કદાચ પંડિતોની ભાષા અને સામાન્ય માણસની ભાષામાં વહેંચાઈ ગઈ હોત. હું માનું છું કે જ્યારે ભાષાનો અપ્રગટ વિકાસ મંદ પડી જાય ત્યારે એના પ્રગટ વિકાસ પર આપણે વધારે ધ્યાન આપવું જોઈએ. કોઈ ભાષા એની સંરચનાના કે એના શબ્દભંડોળના સંદર્ભે ઉતરતી કે ચડિયાતી નથી હોતી. જે તે ભાષાના ભાષકો પોતાની ભાષાને ઊતરતી કે ચડિયાતી બનાવતા હોય છે.

જેમ ભાષાનો વિકાસ, એમ ભાષાનું ધોવાણ પણ થાય અને ભાષાનું મરણ પણ થાય. અત્યારે આપણો યુવાવર્ગ મન ફાવે એમ ગુજરાતીમાં અંગ્રેજી શબ્દો વાપરતો હોય છે. એનો અર્થ એ થયો કે એ વર્ગનું એની માતૃભાષા પર ઝાઝું નિયંત્રણ રહ્યું નથી. જોકે, કેટલીક વાર લોકો ફૅશનના એક ભાગ રૂપે અંગ્રેજી શબ્દો વાપરતા હોય છે. પણ એ ફૅશનવાર આગળ જતાં ઘણી ભાષાના ધોવાણનો એક ભાગ બની જતી હોય છે. આપણા કેટલાક પત્રકારો એવી ભાષા વાપરવા પર ગર્વ લેતા હોય છે અને એવું પણ કહેતા હોય છે કે ભાષા તો સતત પરિવર્તનશીલ છે. કમનસીબી એ છે કે આપણા મોટાભાગના પત્રકારો ભાષાવિજ્ઞાનની બાબતમાં સાવ જ અભણ છે એમ હોવાથી એમને આ બધી ભાષાઘટનાઓ સમજાતી નથી. મેં આપણા એક જાણીતા પત્રકાર સાથે આ વિષે ચર્ચા કરવાનો પ્રયાસ કરેલો; તો એમણે મને ભાષાવિજ્ઞાન શિખવવાનો પ્રયાસ કરેલો! દયા આવી જાય એટલી હદની અજ્ઞાનતાવાળા માણસો સાથે સંવાદ શક્ય ન બને. આપણી કમનસીબી છે કે લોકો પણ અજ્ઞાનીઓનું વધારે સાંભળે છે અને જ્ઞાનીઓનું ઓછું.

મેં આગળ કહ્યું છે એમ, જેમ જન્મ એમ ભાષાનું મરણ પણ થાય. અંગ્રેજી, રશિયન, ફ્રેંચ, જર્મન વગેરે ભાષાઓના કારણે જગતની ઘણી બધી ભાષાઓ મરણ પામી છે અને કેટલીક તો અત્યારે મરવા પડી છે. જ્યારે કોઈ ભાષાનો એક પણ native speaker ન રહ્યો હોય ત્યારે એ ભાષાનું મરણ થયું છે એમ કહી શકાય. ભાષામરણ પર પ્રચુર માત્રામાં કામ થયું છે. ભારતમાં પણ અને બીજે પણ. હું માનું છું કે ભાષાધોવાણ એ પ્રકારના મરણની દિશામાં જવાનું પહેલું પગથિયું છે.

નિસ્યંદન: આ ભાષામરણની વાત જરા વિગતે કહેશો ?

બા.સુ : તમે લુબાન્કી ભાષાનું નામ સાંભળ્યું છે? એક જમાનામાં ગુજરાત, રાજસ્થાન અને પાકિસ્તાનમાં બોલાતી આ ભાષા હવે કોઈ બોલતું નથી. એનો એક પણ ભાષક નથી. વિકિપીડિયાના કહેવા પ્રમાણે જ્યારે બાબા માખન શાહ લબાનાને ગુરુ

તેગ બહાદુર મળ્યા ત્યારે ઉત્સાહમાં એ એક ટેકરી પર ચડીને બોલવા લાગેલા: ગુરૂ લાધો રે. કેટલાક લોકો કહે છે કે એ વાક્ય લુબાન્કી ભાષાનું છે. એ જ રીતે 'આહોમ' ભાષા લો. એક જમાનામાં બ્રહ્મપુત્રા ખીણમાં બોલાતી આ ભાષા હવે નામશેષ થઈ ગઈ છે. આંદામાન–નિકોબારની ઘણી બધી ભાષાઓ આ રીતે મરણ પામી છે. આપણા ત્યાં અન્વિતા અબ્બી અને ગણેશ દેવીએ આ વિષય પર સારું એવું કામ કર્યું છે. નામશેષ થવાને આરે આવીને ઊભેલી ભાષાઓને endangered ભાષાઓ તરીકે ઓળખવામાં આવે છે. આવી ભાષાઓને બચાવી લેવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવતા હોય છે. જેના બે કે પાંચ બોલનારા રહ્યા હોય એવી ભાષાનાં વ્યાકરણો અને એવી ભાષાના શબ્દકોશો પણ તૈયાર થયાં છે. ઘણી ભાષાઓના ધોવાણને reverseમાં લઈ જવા માટે પણ પ્રયાસો કરવામાં આવ્યા છે. સમાજભાષા-વિજ્ઞાને એ માટેની ખાસ વૈજ્ઞાનિક યુક્તિઓ પણ શોધી છે. વિશ્વના અનેક ભાષાવિજ્ઞાનીઓ આ ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે. હું માનું છું કે ગુજરાતી ભાષાનું પણ ધોવાણ થઈ રહ્યું છે. પણ, એનો અર્થ એવો નથી કરવાનો કે એ ભાષા નજીકના ભવિષ્યમાં મરી જશે. એવું નહીં બને. કેમ કે, એ ભાષા હજી વહીવટની ભાષા છે. હજી એ ભાષાના માધ્યમ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. અલબત્ત એ બન્ને ભાષાઓનાં સ્વરૂપો (વહીવટી ભાષા અને શિક્ષણના માધ્યમની ભાષા) ખૂબ જ 'ધોવાયેલાં' છે. હું તો એવું માનું છું કે ગુજરાતી પ્રજા એની માતૃભાષા પરનું નિયંત્રણ ગુમાવી રહી છે. જો આમ ને આમ ચાલશે તો ગુજરાતીઓ એક ચોક્કસ અર્થમાં માતૃભાષા વિનાના થઈ જશે. એમને ગુજરાતી ભાષા કે અંગ્રેજી ભાષા પર માતૃભાષા પર હોય એવું પ્રભુત્વ નહીં હોય. એને કારણે એ ગુજરાતીઓ સારો વેપાર કરી શકશે પણ સારું સાહિત્યસર્જન નહીં કરી શકે.

નિસ્યંદન: કોઈ પણ ભાષાના ઘડતર, વ્યાપ, વિકાસ અને એના આયુષ્ય-નિર્ધારણમાં જે કે તે ભાષાની સ્વરૂપગત ખાસિયતો, એને બોલનારનું ચરિત્ર, બોલનાર પ્રજાની સામાજિક અને રાજકીય પરિસ્થિતિ - આ બધી બાબતો કેટલી મહત્ત્વની ?

બા.સુ : કોઈપણ ભાષા સ્વરૂપથી મહાન નથી હોતી. જે તે ભાષાને વાપરનારા એ ભાષાને મહાન બનાવતા હોય છે. ટાગોર અને બીજા અનેક સર્જકો અને વિદ્વાનોને કારણે બંગાળી મહાન બની. પણ, ગાંધીજીને કારણે એવું ન થયું. આવું કેમ બન્યું હશે એવો પ્રશ્ન મને અવારનવાર થાય છે. કદાચ આપણે ગાંધીજીને એટલા ગંભીરતાથી લીધા નથી. હું માનું છું કે ગાંધીજીએ ગુજરાતી ભાષાને કેવળ પંડિતોની ભાષા બની જતાં અટકાવવાનું કામ કરેલું. કેટલાક લોકો એવી દલીલ કરે છે કે સંસ્કૃત ભાષા કૉમ્પ્યુટર માટે સંપૂર્ણ છે. પણ, ના. એવું નથી. કૉમ્પ્યુટર્સ formal language સમજતાં હોય છે, કુદરતી ભાષા નહીં. સંસ્કૃત ભાષા તો કુદરતી ભાષા છે. એ formal language નથી. જાવા, સી+++ વગેરે formal languages છે. એ ભાષાઓનાં પોતાનાં શબ્દભંડોળ છે અને એ ભાષાઓનું પોતાનું વાક્યતંત્ર છે.

ઘણા લોકો ભાષાને જે-તે પ્રજાના ચારિત્ર્ય વગેરે સાથે પણ સાંકળતા હોય છે. જર્મન રોમૅન્ટિસિઝમે આ કામ કરેલું. એનો ઘણો બધો પ્રભાવ આપણી ભાષા-વિચારણા પર પડ્યો છે. પણ, જ્યાં સુધી હું માનું છું ત્યાં સુધી એ વિચારને ભાષાવિજ્ઞાન સાથે કોઈ સંબંધ નથી. ભાષામાં સંરચનાના સ્તરે કે શબ્દભંડોળના સ્તરે એવું કશું નથી હોતું જેના આધારે આપણે જે-તે ભાષકોના ચારિત્ર્ય વિષે કશુંક કહી શકીએ. એક જમાનામાં એવું મનાતું કે ગામઠી ભાષા બોલતો માણસ અસંસ્કૃત, અભણ, મજૂરી કરી ખાય એવો. પણ, એ તો નગરમાં રહેતા માણસોએ ઊભી કરેલી સમજ છે. ગુજરાતી સાહિત્યમાં શરૂઆતમાં ગામડું નિર્દોષ મનાતું અને શહેર લુચ્ચું. પણ એ વાત તદ્દન સાચી નથી. ગામડામાં રહેતા માણસના પણ પોતાના દાવપેચ હોઈ શકે. ભાષાવિજ્ઞાનમાં folk linguistics જેવી એક શાખા છે. આ શાખાના વિદ્વાનો લોકો જે-તે ભાષા વિષે શું માને છે એનો અભ્યાસ કરતા હોય છે. આપણા ત્યાં કહેવાય છે કે કાઠિયાવાડી બોલી મીઠી અને સુરતી તોછડી. પણ, આ તો લોકમાન્યતાઓ છે. દરેક પ્રજા કોઈકને કોઈક ભાષા વિષે આવી માન્યતાઓ ઘડી કાઢતી હોય છે. આ વિષય સાચે જ રસ પડે એવો છે પણ આપણે ત્યાં એના પર ઝાઝું કામ થયું નથી.

જો કે, સમાજભાષા-વિજ્ઞાન કહે છે એમ જે તે ભાષકનાં સામાજિક અને આર્થિક જ નહીં બીજાં પાસાં પણ ભાષામાં વ્યક્ત થતાં હોય છે. આંકડાશાસ્ત્ર અને કૉમ્પ્યુટરવિજ્ઞાનની આ ભાષાવિજ્ઞાન હવે તો ખૂબ ઊંચાઈએ પહોંચી ગયું છે. ગુજરાતી ભાષામાં આ દિશામાં ખૂબ જ પ્રાથમિક કહી શકાય એવું કામ થયું છે, પણ એમાંનું ઘણું બધું તો કોઠાસૂઝ પર આધારિત છે. આપણે નાસિક્યનું એક ઉદાહરણ લઈએ. જો કોઈ માણસ ભારપૂર્વક નાસિક્ય સ્વરો બોલશે તો આપણે એને ગામડિયા કે અભણ કે ન સુધરેલા માણસ તરીકે જોઈશું. આવું કેમ? એ જ રીતે 'તું' અને 'તમે'નો દાખલો લો. આપણાં મોટા ભાગનાં પાઠ્યપુસ્તકોમાં એવું કહેવામાં આવ્યું છે કે 'તમે' કાં તો બહુવચન તરીકે કાં તો માનવાચક તરીકે વપરાય છે. પણ, ના. તદ્દન એવું નથી. માનો કે હું મારા એક વિદ્યાર્થીને કાયમ 'તું' કહું છું પણ એક દિવસ એ વર્ગમાં મોડો આવે છે ત્યારે હું એને "ઓહો, તમે પધાર્યા" એમ કહીને આવકાર આપું ત્યારે હું 'તમે'નો ઉપયોગ, નથી તો બહુવચનમાં કરતો કે નથી તો માન આપવા

માટે કરતો. આપણે સવારથી સાંજ સુધી કેટલી બધી વાર 'તું' અને 'તમે' વચ્ચે switching કરીએ છીએ. એ સૂચવે છે કે આપણે એ સર્વનામો વાપરતી વખતે જે-તે માણસના સામાજિક વર્ગને ધ્યાનમાં રાખતા હોઈએ છીએ. મને એક આવો અનુભવ થયેલો. મારા એક મિત્ર, જેમને હું 'તું' કહેતો હતો, એ એક યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બન્યા પછી હું મુંઝાઈ ગયો કે મારે એને 'તું'થી સંબોધન કરવું કે 'તમે'થી. ત્યાર પછી હું જ્યારે એને મળ્યો ત્યારે મેં 'તું'થી વાત શરૂ કરેલી જે એને ન'તી ગમી. આખરે મારે 'તમે' પર જવું પડેલું. હું અહીં (અમેરિકામાં) પીએચ.ડી. કર્યા પછી પહેલી વાર ભારત આવેલો ત્યારે મારાં ભાષાવિજ્ઞાનનાં પ્રોફેસર ભારતી મોદીએ મને ડૉ. સુથારથી સંબોધન કરેલું. મેં એમને કહેલું કે ભારતીબેન, હું હજી તમારો વિદ્યાર્થી જ છું. બાબુભાઈ કહો. હું હજી ડૉ. બાબુ સુથાર નથી વાપરતો.

નિસ્યંદન : ગુજરાતીઓનો વ્યાપારી અભિગમ તેમનાં ભાષાપ્રેમ અને તેમની ભાષા પ્રત્યેની વફાદારીને અસરકર્તા બની રહ્યો હોય તેવું બની શકે છે ? જો હા તો આ રીતે ગુજરાતી પ્રજાના ચરિત્રની તેની ભાષાના વ્યાપ, વિસ્તાર અને આયુષ્ય-નિર્ધારણ પર અસર પડી રહી છે તેમ કહી શકાય ?

બા.સુ: હું ઘણી વાર મજાકમાં આપણી એક કહેવત ટાંકતો હોઉં છું: 'ના મામા કરતાં કાણા મામા સારા.'ગુજરાતીઓ મહદ્અંશે કાણા મામાથી ચલવી લેવામાં માને છે. આપણ મૂળે વેપારી જીવ છીએ. એટલે આવું સમાધાન કરવામાં નાનમ નથી અનુભવતા. એટલે જ તો કદાચ ગુજરાતી પ્રજા માટે ભાષા કેવળ પ્રત્યાયનના એક સાધનથી વધારે કંઈ નથી. કામ ચાલે એટલે પતી ગયું. જોડણીદોષ? વાંધો નહીં. વ્યાકરણદોષ? વાંધો નહીં. ખોટો ભાષાપ્રયોગ- વાંધો નહીં. કામ ચાલે છે ને? આપણે આપણી ભાષાને આપણા અસ્તિત્વ કે આપણી સંસ્કૃતિની સાથે જોડતા નથી. તમે અખબારોમાં કેટલીક લગ્નવિષયક જાહેરાતો જોઈ હશે. એમાં લખેલું હોય છે કે અમારી દીકરી અથવા તો અમારો દીકરો 'થ્રુઆઉટ મિડીયમ'માં ભણેલી કે ભણેલો છે. એનો અર્થ શો? એ માબાપો અંગ્રેજી ભાષાને જ 'મિડીયમ' તરીકે સ્વીકારે છે. એમના માટે ગુજરાતી ભાષા 'મિડીયમ' છે જ નહીં. એ જ રીતે, હું એવા અનેક ગુજરાતીઓને મળ્યો છું જેઓ પોતે ગુજરાતી ભાષા નથી જાણતા એ બાબત પર ગર્વ લેતા હોય છે, પણ, એની સામે છેડે જો એ લોકો અંગ્રેજી બરાબર જાણતા હોય તો મને એમની સામે કોઈ વાંધો નથી. હું એક વાર અહીં ન્યૂજર્સીમાં એક સાહિત્યિક કાર્યક્રમમાં ગયેલો. ત્યાં કોઈકે મારી ઓળખાણ એક સમૃદ્ધ ગુજરાતી સાથે કરાવેલી. એમણે મને પૂછેલું: તમે અહીં શું કરો છો બાબુભાઈ? મેં કહેલું: હું ગુજરાતી ભણાવું છું. તો એમણે કહેલું: એ તો બરાબર છે પણ કંઈ કામ તો કરતા હશોને? એક કરોડોપતિ માણસ માટે ગુજરાતી ભણાવવું એ કામ ન હતું. ત્યાર પછી મેં મારો પરિચય જરા વધારે ફેશનેબલ ભાષામાં આપવાનું શરૂ કરેલું. કોઈ મને પૂછતું તો હું કહેતો કે હું 'લેક્ચરર ઈન ફોરન લેગ્વેજ' છું. તો એ લોકો મારા આવા લાંબા હોદ્દાથી ખૂબ પ્રભાવિત થઈ જતા. ક્યારેક હું એમ પણ કહેતો હું language and cultureનું વિશ્લેષણ ભણાવું છું. અહીં મેં એક વાર મોરારી બાપુની કથા પર એક સેમેસ્ટરનો કોર્સ આપેલો. એ ઘટનાનો મેં ખાસો એવો ઉપયોગ કર્યો છે. હું લોકોને કહેતો કે મેં ગયા વરસે જ મોરારી બાપુની કથા પર એક સેમેસ્ટરનો કોર્સ આપ્યો હતો તો કોણ જાણે કેમ એ લોકોને હું બહુ મોટો વિદ્વાન લાગતો. આ અને આવી અનેક ઘટનાઓ બતાવે છે કે ગુજરાતી પ્રજાની ભાષાવફાદારી ઘણી બધી ઘટી ગઈ છે અને હજી પણ ઘટી રહી છે. એ જોતાં ગુજરાતી ભાષાનું ભાવિ ઉજ્જવળ નથી.

નિસ્યંદન: શું ભાષા જેમ બોલીએ તેમ જ લખાવી જોઈએ ? અન્યત્ર લખાય છે ? લેખનવ્યવસ્થા અને ધ્વનિવ્યવસ્થા વિષેની વૈશ્વિક વિચારધારા આ વિષે શું કહે છે ?

બા.સુ : આ વિષે ઠીક ઠીક ગેરસમજ પ્રવર્તે છે. એ માટે ભાષાવિજ્ઞાન પણ જવાબદાર છે. એમાં પણ ખાસ કરીને સંરચનાવાદી ભાષાવિજ્ઞાન. અમેરિકન સંરચનાવાદી ભાષાવિજ્ઞાનને ભાષાના બોલાતા સ્વરૂપને કુદરતી ગણેલું અને લેખનનો ટેકનોલોજીના એક ભાગ તરીકે સ્વીકાર કરેલો. એને કારણે આપણે એવું માની બેઠેલા કે જે કુદરતી છે એ જ મહત્ત્વનું. એટલે સંરચનાવાદી ભાષાવિજ્ઞાનીઓએ એમ કહેલું કે માણસ ભાષા બોલે છે અને એ જે બોલે છે એનું આપણે લેખનમાં અનુકરણ કરતા હોઈએ છીએ. આ ભાષાવિજ્ઞાનમાં એક બીજી પણ ઘટના બની. ભાષાવિજ્ઞાનીઓએ જે ભાષાઓની પોતાની લેખનવ્યવસ્થા ન હતી એ ભાષાઓના અભ્યાસ શરૂ કર્યા. પછી એમણે વિચાર્યું કે જે ભાષાની લેખનવ્યવસ્થા નથી એ ભાષાની લેખનવ્યવસ્થા આપણે વિકસાવવી હોય તો આપણે એ ભાષા જેમ બોલાય છે એમ જ લખવી જોઈએ. એ ભાષાવિજ્ઞાનીઓએ સૌ પહેલાં ધ્વનિઘટકો શોધવાનું અને પછી એ દરેક ધ્વનિઘટક માટે લિપિચિહ્ન નક્કી કરવાનું નક્કી કર્યું. ગુજરાતીમાં જે લોકો આપણી જોડણીવ્યવસ્થામાં પરિવર્તન લાવવાની વાત કરે છે એ બધા જ આ પરંપરાના 'ભાષાવિજ્ઞાનીઓ' છે. અહીં એક વાત ➲

સમજવાની જરૂર છે; અને તે એ કે જે ભાષાની લેખનવ્યવસ્થા ન હોય એની લેખનવ્યવસ્થા ઊભી કરવા માટેની પદ્ધતિ જે ભાષાની પોતાની લેખનવ્યવસ્થા હોય એની લેખનવ્યવસ્થા 'સુધારવા' માટે કઈ રીતે વાપરી શકાય?

પણ માનો કે કોઈક ભાષાવિજ્ઞાન એવું વિચારે કે લેખન બોલાતી ભાષાનું અનુકરણ નથી કરતું તો ? જો મૂંગો માણસ લખતાં શીખે તો આપણે એમ કહી શકીશું ખરાં કે એ માણસ એની વાણીને લેખનમાં ઉતારે છે? સંરચનાવાદે લેખનને વાણી પર પરોપજીવી બનાવી દીધું. પણ, ત્યાર પછી ભાષાવિજ્ઞાનમાં જે વિકાસ થયો એ વિકાસને જો આપણે જોઈશું તો આપણને સમજાશે કે એ ભાષાવિજ્ઞાનીઓ વાણી-વ્યવસ્થા અને લેખન-વ્યવસ્થાને એકબીજાથી સ્વતંત્ર એવી વ્યવસ્થાઓ તરીકે સ્વીકારે છે. એટલે કે જ્યારે હું 'છોકરો' શબ્દ લખું ત્યારે હું એ શબ્દ જે રીતે બોલાય છે એને વ્યક્ત નથી કરતો પણ હું ગુજરાતી ભાષામાં 'છોકરો' શબ્દની જે સમજ છે એ સમજને વ્યક્ત કરતો હોઉં છું. આ પ્રકારની સમજની સૌ પ્રથમ શરૂઆત ચેકોસ્લોવેકિયાના પ્રાહમાં થઈ એટલે એને પ્રાહભાષાવિજ્ઞાન તરીકે પણ ઓળખવામાં આવે છે. ઘણા ભાષાવિજ્ઞાનીઓ એને functionalism તરીકે પણ ઓળખે છે. આ વિચારધારાને વરેલા ઘણા બધા વિદ્વાનોએ લેખનવ્યવસ્થા, જોડણીવ્યવસ્થા વગેરે વિષે ભરપૂર પ્રમાણમાં લખ્યું છે, પણ આપણા મોટા ભાગના ભાષાવિજ્ઞાનીઓએ એનો ગંભીરતાપૂર્વક અભ્યાસ કર્યો નથી.

નિસ્યંદન: જોડણી આયોજન વિષે તમારું શું માનવું છે ? જોડણી આયોજનમાં કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ? કેમ?

બા.સુ : મને 'જોડણી સુધારો' શબ્દ પ્રયોગ ગમતો નથી. એના બદલે હું 'જોડણી આયોજન' શબ્દ પસંદ કરું છું. હું માનું છું કે આ મુદ્દો ભાષાઆયોજનના ભાગ રૂપે ચર્ચાવો જોઈએ. હું એવું પણ માનું છું કે જોડણી આયોજનમાં આપણે સૌ પહેલાં તો એક વાતનો સ્વીકાર કરવો જોઈએ કે ભાષાનું બોલીસ્વરૂપ અને એનું લેખનસ્વરૂપ એકબીજાથી સ્વાયત્ત એવી વ્યવસ્થાઓ છે. એમ હોવાથી જો લેખનવ્યવસ્થાના સ્તરે કોઈક અરાજકતા હોય તો એને ઉકેલવા માટે બોલીવ્યવસ્થાની મદદ ન લેવી જોઈએ. જે-તે 'અરાજકતા'ને લેખનવ્યવસ્થાના સંદર્ભમાં જ મૂલવવી જોઈએ અને એ રીતે જ એને દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ. બીજું, આપણે આપણી જોડણીની વિભાવના પણ સ્પષ્ટ કરવાની જરૂર છે. અત્યારે આપણી જોડણી વિષેની જે કંઈ સમજ છે એ alphabetic છે, syllabic નથી. ગુજરાતી ભાષા મૂળે syllabic છે. એમાં જોડણી એ અક્ષરોના ક્રમનો વિષય નથી. એમાં જોડણી configurationનો વિષય છે. હું જ્યારે 'કી' કે 'કિ' લખું ત્યારે હું બે અક્ષરોને આગળ કે પાછળ નથી મૂકતો. હું એક configuration ઊભું કરતો હોઉં છું. જો એમ હોય તો એનો અર્થ એ થયો કે આપણી જોડણી વિષેની સમજ પાયામાંથી જ આપણી ભાષા સાથે સુસંગત નથી. આપણે પહેલાં syllables રચીએ છીએ અને પછી એ syllablesને યોગ્ય ક્રમમાં ગોઠવીને શબ્દ બનાવતા હોઈએ છીએ. એક ત્રીજી વાત પણ આપણે ન ભૂલવી જોઈએ અને તે એ કે જોડણીવ્યવસ્થાને આપણી orthographic સ્મૃતિ સાથે સંબંધ હોય છે. એ સ્મૃતિ પણ એક પ્રકારની વ્યવસ્થા જ હોય છે. એની સાથે આપણે વધારે પડતી છૂટછાટ ન લઈ શકીએ. છેલ્લે, જોડણીઆયોજન કોઈ એક-બે જણનાં જૂથ ન કરી શકે. એ કામ સરકારે જ હાથમાં લેવું પડે. સરકારે જોડણીઆયોજનની એક સમિતિ બનાવવી જોઈએ અને એ સમિતિમાં પ્રૂફરીડર્સથી માંડીને તે કમ્પોઝિટર્સ અને પ્રકાશકો તેમ જ લાયબ્રેરિયન્સ પણ હોવા જોઈએ. જોડણીઆયોજન કરતી વખતે જો કોઈક સમસ્યાઓ નડે તો એ સમસ્યાઓને મતદાન દ્વારા નહીં, સંશોધન દ્વારા ઉકેલવી પડે. ઘણા લોકો કહે કે હ્રસ્વ-દીર્ઘનું સામાન્યીકરણ કરી નાખો એટલે બાળકને એ કામ સહેલું પડે. મારા મતે જોડણી આયોજન જીવદયાનો નહીં, વિજ્ઞાનનો, અને એમાંય ભાષાવિજ્ઞાનનો પ્રશ્ન છે અને એમ હોવાથી એ મુદ્દો ભાષાવિજ્ઞાનના જાણકારો પર છોડવો જોઈએ. સરેરાશ માણસ પોતાનો અભિપ્રાય આપે પણ એ પોતાના અભિપ્રાયને કોઈપણ પ્રકારના આધાર વિના બીજા પર લાદી ન શકે. આપણે એ વાત પણ ભૂલવાની નથી કે જોડણી acquisitionનો નહીં, learningનો વિષય છે. એમ હોવાથી એ અંગેની સંવેદનશીલતા પ્રાથમિક શાળાથી જ શરૂ થવી જોઈએ. એ માટે આપણે શિક્ષકોને જરૂરી તાલીમ આપવી જોઈએ.

નિસ્યંદન: અત્યારે ભાષાવિજ્ઞાન કઈ દિશામાં જઈ રહ્યું છે ? એ સંદર્ભમાં ગુજરાતી ભાષાવિજ્ઞાનને આપણે કઈ રીતે મૂલવીશું ?

બા.સુ : ભાષાવિજ્ઞાન અત્યારે અનેક દિશાઓમાં જઈ રહ્યું છે. એક બાજુ એ જીવવિજ્ઞાન તરફ તો બીજી બાજુ એ જિનેટિક્સ તરફ જઈ રહ્યું છે. એ જ રીતે, એ શુદ્ધ ગણિત બનવા તરફ પણ જઈ રહ્યું છે. સામે છેડે એ ખાસ કરીને આંકડાશાસ્ત્ર પર આધાર રાખતું સમાજશાસ્ત્ર પણ બની રહ્યું છે. અત્યારે એવું કોઈ ક્ષેત્ર નથી જેમાં ભાષાવિજ્ઞાને પગપેસારો ન કર્યો હોય. આપણા ત્યાં ફોરેન્સિક યુનિવર્સિટી છે, પણ એમાં ફોરેન્સિક ભાષાવિજ્ઞાનનો કોઈ માણસ નથી. અમેરિકામાં ત્રાસવાદ અને ગુનાખોરીને

ડામવા ફોરેન્સિક ભાષાવિજ્ઞાનીઓની મદદ લેવાય છે. એટલું જ નહીં, અહીં ડિપાર્ટનેટલ સ્ટોર્સ પણ ભાષાવિજ્ઞાનીઓને નોકરીએ રાખતા હોય છે. એમનું કામ ગ્રાહકો અને સ્ટોર્સના સેલ્સ પરસન્સની ભાષાની કાળજી રાખવાનું હોય છે. હોસ્પિટલોમાં પણ ભાષાવિજ્ઞાનીઓને નોકરીએ રાખવામાં આવતા હોય છે. એ લોકો દર્દીઓ અને દાક્તરોની ભાષા-સમસ્યાઓમાં મદદ કરતા હોય છે. એફ.બી.આઈ. અને સી.આઈ.એ. જેવી સંસ્થાઓ પણ ભાષાવિજ્ઞાનીઓને રાખતી હોય છે. હમણાં જ મેં હિન્દી અને ગુજરાતી ભાષાવિજ્ઞાનીઓ માટે જાહેરાતો જોઈ. એવું કહેવાય છે કે ઓબામાએ પણ ગઈ ચૂંટણીઓ વખતે એક ભાષાવિજ્ઞાનીની મદદ લીધેલી. મારી ભૂલ ન થતી હોય તો આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને જે લોકોએ પ્રચારમાં મદદ કરી છે એ લોકોએ ઓબામાના ભાષાવિજ્ઞાનીનાં પુસ્તકોનો ખૂબ ઊંડો અભ્યાસ કરેલો હતો. જ્યાં જ્યાં ભાષા ત્યાં ત્યાં ભાષાવિજ્ઞાનીની જરૂર પડે. અહીંની જાહેરખબરની એજન્સીઓમાં પણ ભાષાસલાહકારો હોય છે.

આ બધાની તુલનાએ મને તો એવું લાગે છે કે ગુજરાતી ભાષાવિજ્ઞાન પાષાણયુગમાં જીવી રહ્યું છે. થોડાંક છૂટાંછવાયાં કામ થયાં છે ખરાં, પણ એ આપણી પરંપરાનો ભાગ નથી બન્યાં. જેમકે, ભારતી મોદીએ ચોમ્સ્કીની પરંપરામાં રહીને ગુજરાતી ભાષાના ધ્વનિતંત્રની વાત કરી છે; પણ ત્યાર પછી ધ્વનિતંત્રમાં જે ભાત ભાતના સિદ્ધાંતો વિકસ્યા એનો એક ઝબકારો સરખો પણ ક્યાંય જોવા મળતો નથી. એ જ રીતે પુરુષોત્તમ મિસ્ત્રીએ ગુજરાતી વાક્યરચના પર કામ કર્યું છે, પણ એમણે જે સિધ્ધાન્ત સ્વીકારેલો એ તો ત્યાર પછીનાં પાંચ વરસમાં જ કાળગ્રસ્ત થઈ ગયો. ત્યાર પછી આરા શાહ જેવાંએ થોડુંક કામ કર્યું, પણ એ એક ફુટનોટથી આગળ જાય એવું નથી. અત્યારે થોડુંક વર્ણનાત્મક કામ થાય છે, પણ એ કામ કરતા ભાષાવિજ્ઞાનીઓ ભાષાવિજ્ઞાનના ક્ષેત્રમાં સાચે જ શું ચાલી રહ્યું છે એનાથી સાવ અજાણ છે. વળી, એમનું વર્ણનાત્મક કામ પણ ઘણું બધું નબળું અને મોટે ભાગે તો કોઠાસૂઝ પર આધાર રાખનારું છે. એને હું ભાષાવિજ્ઞાન કહેતો નથી.

નિસ્યંદન: જે ભાષામાં અત્યારે વ્યાકરણની સમજ પણ દુષ્કર જણાતી હોય ત્યાં ભાષાવિજ્ઞાનની સમજણ કેમ કરીને સહજ / સુલભ બનાવી શકાય ? વ્યાકરણની સાથે સાથે જ ભાષાવિજ્ઞાન પણ આપણા પાઠ્યક્રમમાં હોવું જોઈએ તેવું નથી લાગતું ? બીજી સમૃદ્ધ અને નીવડેલી ભાષાઓમાં શું પ્રણાલી છે ?

બા.સુ : મને લાગે છે કે આપણે માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિકના સ્તરે ભાષાવિજ્ઞાનના કોર્સિસ દાખલ કરવા જોઈએ. જો એમ કરીશું તો આપણા વિદ્યાર્થીઓ computer science સહિતનાં અનેક ક્ષેત્રોમાં- જેને હું પાયાનું કામ કહું છું- એવું કામ કરવા માટે સક્ષમ બનશે. જોકે, અંગ્રેજી કે ફ્રેંચ જેવી ભાષાઓમાં પણ આવી પરંપરા નથી. ફ્રેંચ ભાષામાં ફિલસૂફી પ્રાથમિક શાળામાંથી ભણાવવામાં આવે છે. કદાચ એના કારણે જ આજે સૌથી વધારે ફિલસૂફો ફ્રેંચ ભાષામાંથી આવે છે. પણ, આ સમૃદ્ધ ભાષાઓ ભાષાવિજ્ઞાનના સંદર્ભમાં બીજું એક કામ કરે છે. એ લોકો હાઇસ્કૂલના વિદ્યાર્થીઓ માટે કૉલેજમાં ભાષાવિજ્ઞાનનો પરિચય આપતો કોર્સ આપતા હોય છે. ખૂબ મામૂલી ફી લઈને, ખાસ કરીને ઉનાળાના વેકેશનમાં (એક સેમેસ્ટર) આ કોર્સ ભણાવાતો હોય છે. હાઇસ્કૂલના શિક્ષકો પણ વિદ્યાર્થીઓને આવા કોર્સ ભણવા માટે પ્રોત્સાહન આપતા હોય છે. આપણે પણ આવું કરી શકીએ.



– સાહિત્યવૃત્ત –




O અનુ-આધુનિક ગુજરાતી કવિતાનો ઉત્સવ ૨૦-૨૧ સપ્ટેમ્બરના રોજ આણંદ મુકામે કવિશ્રી હરીશ મીનાશ્રુ દ્વારા પ્રતિપદાના ઉપક્રમે યોજાયો.સર્વશ્રી જયદેવ શુક્લ, કાનજી પટેલ, કમલ વોરા, દલપત પઢિયાર, યજ્ઞેશ દવે, ભરત નાયક, નીરવ પટેલ, મનોહર ત્રિવેદી, જયેન્દ્ર શેખડીવાળા, વિનોદ જોશી, હરીશ મીનાશ્રુ, બાબુ સુથાર,મણિલાલ હ.પટેલ, રાજેશ પંડ્યા, સંજુ વાળા, ઉદયન ઠક્કર તથા મનીષા જોષીના કાવ્યપાઠે, સર્વશ્રી રમણ સોની, સુમન શાહ, શિરીષ પંચાલ તથા અજયસિંહ ચૌહાણની વિવેચનાએ અને કવિશ્રી હરીશ મીનાશ્રુ તથા મિત્રોના ભાવભર્યા આયોજને સમગ્ર ઉપક્રમને યાદગાર બનાવ્યો.



O વર્ષ ૨૦૧૪નો નરસિંહ મહેતા એવોર્ડ કવિશ્રી હરીશ મીનાશ્રુને તા.૮ ઓક્ટોબરના રોજ ગિરનારની ગોદમાં આવેલ રૂપાયતન ખાતે પૂજ્ય મોરારિબાપુના વરદ હસ્તે અર્પણ થયો. વિશેષ વક્તવ્ય શ્રી રાજેશ પંડ્યાનું, વિશેષ ઉપસ્થિતિ સર્વશ્રી રઘુવીર ચૌધરી તથા લાભશંકર પુરોહિતની તથા સંચાલન શ્રી પ્રણવ પંડ્યાનું. શરદ પૂનમની રળિયામણી સાંજને સર્વશ્રી પીયૂષ દવે અને બિહાગ જોષીના સ્વરોએ વધુ રસમય બનાવી અને સુશ્રી નુપૂર બુચની મંડળીએ નૃત્યની રંગોળી પૂરી. આયોજન આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિનું.

તમે મને જે નરસિંહ આપ્યો છે એ બહુ મોટો છે, મારે એને નાનો કરીને લઈ જવો પડશે, કારણ કે મારા ઘરમાં એટલી જગ્યા નથી : હરીશ મિનાશ્રુ (નરસિંહ મહેતા એવોર્ડ સ્વીકારતી વેળા)



O આઈ.એન. ટી. દ્વારા એનાયત થતા વર્ષ ૨૦૧૪ના કલાપી એવોર્ડ પ્રસિદ્ધ ગઝલકાર શ્રી નયન દેસાઈને તથા શયદા એવોર્ડ યુવા ગઝલકાર શ્રી ભાવેશ ભટ્ટને તા. ૧૪ ઓગસ્ટના રોજ મુંબઈ ખાતે પ્રસિદ્ધ ગાયક મનહર ઉધાસના હસ્તે અર્પણ થયો.



O આપના પ્રતિસાદ......

O બહુ જ સુંદર, બહુ બહુ જ સુંદર આ વખતનો અંક છે યોગેશભાઇ, તમારા આ નિઃસ્વાર્થ સાહિત્યિક પુરુષાર્થને સો સો સલામ. સામગ્રી તો ઉત્તમ છે જ પરંતુ એનું સમગ્ર ગોઠવણી-આયોજન ઉત્કૃષ્ટ છે. –અભિનંદન **- રજનીકુમાર પંડ્યા**

O નિસ્યંદન'નો અંક અદ્‌ભુત થયો છે. કાવ્યોની પસંદગી તમારી લાજવાબ હોય છે. કાચી કવિતાઓ અંગેની તમારી અકળામણ ખૂબ વાજબી છે પણ લખનાર કરતાં તે પ્રવૃત્તિને ચગાવનારા પણ ક્યાં ઓછા છે ? **– ભરત ત્રિવેદી**

O ખૂબ સરસ અંક થયો છે .. આ અંકની કાવ્ય-પસંદગી, વિશેષતઃ ગઝલોનું ચયન ગમ્યું ...સાહિત્યની ગુણવત્તા જળવાઈ રહે છે, એ માટે તમને ચોક્કસ અભિનંદન ઘટે છે. **– દક્ષેશ કોન્ટ્રાક્ટર**

O યોગેશભાઈ, 'નિસ્યંદન' પ્રગટ થાય એની રાહ જોતો હોઉં છું... શુભેચ્છાઓ **– લલિત ત્રિવેદી**

O તંત્રી-સંપાદક શ્રી,
આપની સાહિત્યિક વ્યથા આમતો સત્ય લાગે છે, છતાં જે અત્યારે થઈ રહ્યું છે, તે પણ નોંધનીય છે. કંઈક અંશે અનુંભવી સાહિત્યકારો અને સાહિત્યના આપ જેવા ભાવકોને વેવલાપણું લાગે એવું પણ થાય છે જ. પણ સુરત, અમદાવાદ, વડોદરા અને આપના શહેર વેરાવળ વિગેરે સ્થળોએ સારી પ્રવૃતિઓ થાય છે. બાળકો ચાલતાં શીખે ત્યારે તે સરખી રીતે ચાલી ના શકે, એટલે ફેઈસ બુક ઉપર કે અન્ય સ્થળે યોગ્ય ના લાગે એવી રચનાઓ નવા નિશાળિયાઓ(!) દ્વારા આવવાની જ. કોઈ પણ રીતે સંવેદનાઓ સાહિત્યિક ન હોય તો પણ એટલે જ આવકારવી રહી, કે જે સારું હશે અને એમાં તથ્ય હશે તો ટકી જશે. વડોદરામાં સ્વ. ઉર્મિલાબેન માર્કન્ડભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ દર મહિને 'એક કવિ એક સાંજ' નામનો કાર્યક્રમ કરે છે, જેમાં જાણીતા અને ઓછા જાણીતા એવા કવિઓને આમંત્રી એમનાં કાવ્ય-ગઝલ પઠન અને કાવ્યયાત્રાના અનુંભવોને માણવા સૌને નિઃશુલ્ક આમંત્રણ હોય છે. આ રીતે ઘણી સંસ્થાઓ કાર્ય કરે છે, એટલે સાહિત્યના દરેક પાસાને પ્રોત્સાહન મળે છે.
આપે આપના 'નિસ્યંદન' દ્વારા ખૂબ જ સુંદર અને આવકારવા લાયક પ્રયત્નો કર્યા જ છે. દર વખતની જેમ, આ અંક જુલાઈ-ઓગસ્ટ નો અંક પણ વાંચી આનંદ થયો. લગભગ બધી જ બધા પ્રકારની ગઝલો, કવિતાઓ ગમી. મનુભાઈ પંચોલી, 'દર્શક' વિષેના લેખથી નવું જાણવા મળ્યું. Gwladys Rose ના ચિત્રો ગમ્યાં. અભિનંદન, **- પુરુષોત્તમ મેવાડા**

O ખોબલે ખોબલે શાબાશી! નવો અંક અવનવી સજાવટ સાથેનો હમણાં મળ્યો; બધી રીતે 'મસ્ત'. તમે પણ મસ્તરામ બની આમ ગુલાલ ઉડાડો છો ! . **– રમેશ શાહ**




૦ નરસિંહ મહેતા એવોર્ડ - ૨૦૧૪ : એક કોલાજ



















ફોટો સૌજન્ય શ્રી હરેશભાઈ સોની, જૂનાગઢ



દેસાઈ મહાદેવ હરિભાઈ, 'ત્રિલોચન': ચરિત્રલેખક, ડાયરીલેખક, અનુવાદક. (૧.૧.૧૮૯૨ - ૧૫.૮.૧૯૪૨)

મહાદેવ દેસાઈ: જન્મ સરસ (જિ. સુરત)માં. પ્રાથમિક શિક્ષણ જુદાં જુદાં ગામોમાં. માધ્યમિક શિક્ષણ સુરતમાં અને ઉચ્ચ શિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં. બી.એ. એલએલ.બી. થઈ અમદાવાદમાં વકીલાતનો આરંભ કરેલો; પણ સફળ ન થતાં સરકારી ખાતામાં જોડાયેલા. ત્યારબાદ ગાંધીજીથી પ્રભાવિત થઈને ૧૯૧૭ થી તેમના અંતેવાસી.સાહિત્ય અકાદમીનો ૧૯૫૫નો પુરસ્કાર. કારાવાસમાં હૃદય બંધ પડવાથી પૂના ખાતે અવસાન.

તેઓ વિશેષ જાણીતા છે એમના ડાયરીલેખનને કારણે. ૧૯૪૮માં 'મહાદેવભાઈની ડાયરી' – ભા.૧ પ્રકાશિત થયા પછી ક્રમશઃ ૧૯૮૦માં ભા.૧૭ પ્રકાશિત થયેલો છે. ખાસ કરીને ગાંધીજીની દિનચર્યા-જીવનચર્યાને આલેખતી આ ડાયરી મહાદેવભાઈની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ અને ભાવવાહી રસાળ શૈલીની અભિવ્યક્તિશક્તિનું ઉદાહરણ છે.

આ ઉપરાંત 'અંત્યજ સાધુનંદ' (૧૯૨૫), 'વીર વલ્લભભાઈ' (૧૯૨૮), 'સંત ફ્રાંસિસ' (૧૯૨૪) અને 'બે ખુદાઈ ખિદમતગાર' (૧૯૩૬) એમના ચરિત્રગ્રંથો છે. 'મૌલાના અબ્દુલકલામ આઝાદ' (ચંદ્રશેખર શુક્લ સાથે, ૧૯૪૬)પણ એમનો ચરિત્રગ્રંથ છે. સ્વરાજ આંદોલન નિમિત્તે એમણે લખેલા ગ્રંથો પૈકી 'એક ધર્મયુદ્ધ' (૧૯૨૩)માં અમદાવાદની મિલમજૂરોની લડતનો ઇતિહાસ આલેખાયેલો છે; 'બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ' (૧૯૨૮) અને 'ગોખલેનાં વ્યાખ્યાનો' (૧૯૧૬) પણ હકીકતોને ભાવવાહી રીતે રજૂ કરતા હોઈ ધ્યાનાર્હ છે. બારમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં પત્રકારત્વ વિભાગના પ્રમુખપદેથી આપેલું વ્યાખ્યાન 'વૃત્તવિવેચન અને વૃત્તવિવેચકો' (૧૯૩૬) એમની સ્વાધ્યાયનિષ્ઠાનાં ઉદાહરણરૂપ છે. 'તારુણ્યમાં પ્રવેશતી કન્યાને પત્રો' (નરહરિ પરીખ સાથે, ૧૯૩૭) તથા 'ખેતીની જમીન' (માર્તન્ડ પંડ્યા સાથે, ૧૯૪૨) એમના એ વિષયના પ્રકીર્ણ ગ્રંથો છે.

'ચિત્રાંગદા' (૧૯૧૫), 'પ્રાચીન સાહિત્ય' (નરહરિ પરીખ સાથે, ૧૯૨૨), 'ત્રણ વાર્તાઓ' (૧૯૨૩) અને 'વિરાજવહુ' (૧૯૨૪) એમના અનુવાદો છે. 'મારી જીવનકથા' (૧૯૩૬) જવાહરલાલ નહેરુની આત્મકથાનો અનુવાદ છે. મૂળ ભાવ ક્યાંય ખંડિત ન થાય એની પૂરી કાળજી રાખીને રસાળ શૈલીમાં તેઓએ કરેલા આ અનુવાદો લોકપ્રિય નીવડેલા છે.

'ગાંધીજી ઇન ઇન્ડિયન વિલેજીસ' (૧૯૨૭), 'વિથ ગાંધીજી ઇન સિલોન' (૧૯૨૮), 'ધ સ્ટોરી ઑવ બારડોલી' (૧૯૨૧), 'અનવર્ધી ઑવ વર્ધા' (૧૯૫૩) જેવા એમના અંગ્રેજી ગ્રંથોમાં અંગ્રેજી ભાષા પરના એમના પ્રભુત્વનો પરિચય મળી રહે છે. ઉપરાંત, ગાંધીજીનાં પુસ્તકોના અને વ્યાખ્યાનોના એમણે કરેલા ઘણા અંગ્રેજી અનુવાદો પણ પ્રકાશિત થયેલા છે.

(વિકીપીડિયા પરનું શ્રી બળવંત જાનીનું લખાણ)